RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 182* Date: 30.04.2021 Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## સીરમને રાજ્યોએ ૩૪ કરોડ કોવિશીલ્ડ વેક્સિનનો આપ્યો ઓર્ડર

ન્યુ દિલ્હી,તા.૨૯

દેશમાં કોરોના વેક્સિનેશનના ત્રીજા તબક્કાનો પ્રારંભ ૧ મેનાં રોજથી થઈ રહ્યો છે. આ તબક્કામાં ૧૮ વર્ષથી વધુ વયના લોકોને વેક્સિનનો ડોઝ આપવામા આવશે. વેક્સિનેશનની આ તબક્કાની જવાબદારી કેન્દ્ર સરકારે રાજ્ય સરકારોને આપી છે. ઘણા રાજ્યોએ પોતાના નાગરિકોને મફતમાં વેક્સિન આપવાની જાહેરાત કરવાની સાથે વેક્સિનનો ઓર્ડર પણ આપી દીધો છે. સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાને અત્યારસુધીમાં રાજ્યો તરફથી ૩૪ કરોડ અને ખાનગી હોસ્પિટલો તરફથી ૨ કરોડ વેક્સિન ડોઝનો ઓર્ડર મળી ચૂક્યો છે. સીરમ ઈન્સ્ટિટ્યૂટ કોવિશીલ્ડ વેક્સિનનું ઉત્પાદન કરે છે. આગામી ૪ દિવસમાં સીરમ કોવિશીલ્ડની રાજ્યોને સપ્લાઈ શરૂ કરી શકે છે. આ સપ્તાહે ૫ રાજ્યોને વેક્સિન સપ્લાઈ કરવામા આવશે.

સીરમના સૂત્રોએ જણાવ્યું કે, સૌપ્રથમ મહારાષ્ટ્ર સહિત ૫ રાજ્યોને કોવિશીલ્ડ વેક્સિન સપ્લાઈ કરવામા આવશે. અન્ય રાજ્યોને વેક્સિન સપ્લાઈ માટે ૩ અઠવાડિયાનો સમય આપવામા આવ્યો છે, જેમ-જેમ વેક્સિનેશનનો જથ્થો રાજ્યોને મળવા લાગશે તેમ-તેમ વેક્સિનેશન અભિયાનની ઝડપમાં વધારો જોવા મળશે. સીરમ ઈન્સ્ટિટ્યૂટે બુધવારે જ રાજ્યો માટે કોવિશીલ્ડ વેક્સિનની કિંમત ૪૦૦ થી ઘટાડી ૩૦૦ કરી હતી.

## કોરોનાનો કહેર, રોકેટ ગતિથી વધી રહ્યો છે મૃત્યુઆંક, સાજા થનારા દર્દીઓ ૧.૫ કરોડને પાર

# કોરોનાનો કહેર: ૩.૮ લાખ નવા કેસ, ૩૫૯૬ના મોત

*ન્યુ દિલ્હી,તા.૨૯*

દેશમાં કોરોના સંક્રમણના કેસ દરરોજ નવા રેકોર્ડ બનાવી રહ્યા છે. બુધવારે દેશમાં કોરોનાના ૩.૮૦ લાખ કેસ નોંધાયા જે અત્યાર સુધીનો સર્વાધિક આંકડો છે. આ સાથે જ છેલ્લા ૨૪ કલાકમાં કોવિડ-૧૯ના કારણે ૩,૫૯૬ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

આ સાથે જ દેશમાં સક્રિય દર્દીઓની સંખ્યા પણ ૩૦ લાખ થઈ ગઈ છે જે ખૂબ જ ચિંતાજનક છે. ગત વર્ષે વાયરસનો પ્રકોપ શરૂ થયો ત્યાર બાદ પહેલી વખત સક્રિય દર્દીઓનો આંકડો ૩૦ લાખે પહોંચ્યો છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે તુલના કરીએ તો અમેરિકામાં સર્વાધિક આશરે ૭૦ લાખ જેટલા સક્રિય દર્દીઓ છે. ૩૦ લાખના આંકડા સાથે ભારત બીજા ક્રમે છે. બ્રાઝિલમાં આશરે ૧૦ લાખ જેટલા સક્રિય કેસ છે અને તે ત્રીજા નંબરે છે. ભારતમાં સક્રિય કેસની સંખ્યા સતત વધી રહી છે જે ખૂબ જ ચિંતાજનક બાબત છે. ૧૬ ફેબ્રુઆરીના રોજ દેશમાં ૧.૩૮ લાખ સક્રિય દર્દીઓ હતા. તેને ૫ લાખ સુધી પહોંચતા ૪૦ દિવસ લાગ્યા હતા. ત્યાર બાદ ૧૨ દિવસમાં ૧૦ લાખનો આંકડો પૂરો થયો હતો અને પછી માત્ર ૧૦ દિવસમાં વધુ ૧૦ લાખ કેસ અને ૯ દિવસમાં ૧૦ લાખ સક્રિય દર્દીઓ વધી ગયા.

ચિંતાની વાત છે કે બુધવારે ૩ લાખ ૭૯ હજાર ૧૬૪ નવા દર્દીની પુષ્ટિ કરવામાં આવી છે. એક દિવસમાં અત્યારસુધીમાં નવા દર્દીઓની સંખ્યા આ સૌથી વધુ છે. આ પહેલાં ૨૭ એપ્રિલના રોજ સૌથી વધુ ૩.૬૨ લાખ દર્દીઓની ઓળખ કરાઈ હતી. આ સિવાય ૨૪ કલાકમાં ૩,૬૪૬ લોકોનાં મોત થયાં છે. આ સતત બીજો દિવસ હતો, જ્યારે ત્રણ હજારથી વધુ લોકોનાં મોત નીપજ્યાં છે. આ પહેલાં મંગળવારે ૩,૨૮૬ લોકોનાં મોત નોંધાયાં હતાં.

મહારાષ્ટ્રમાં કડક પ્રતિબંધો લાગુ હોવા છતાં કોરોનાની ગતિ ધીમી પડવાનું નામ લેતી નથી. બુધવારે રાજ્યના સ્વાસ્થ્ય વિભાગે બહાર પાડેલા આંકડા મુજબ રાજ્યમાં કોરોનાના નવા ૬૩,૩૦૯ કેસ નોંધાયા છે. આ સાથે કુલ કેસની સંખ્યા



૪૪,૭૩,૩૯૪ અને મૃતકોનો આંકડો ૬૭,૨૧૪ પર પહોંચી ગયો છે. એક જ દિવસમાં રાજ્યમાં ૯૮૫ લોકોના કોરોનાથી મોત થયા.

ગુજરાતની વાત કરીએ તો રાજ્યના સ્વાસ્થ્ય વિભાગ દ્વારા બુધવારે બહાર પડેલા આંકડા મુજબ રાજ્યમાં કોરોનાના નવા ૧૪૧૨૦ દર્દીઓ નોંધાયા છે. એક જ દિવસમાં ૧૭૪ લોકોએ કોરોનાથી જીવ ગુમાવ્યા. આ સાથે ૮૫૯૫ દર્દીઓ રિકવર પણ થયા. રાજ્યમાં સૌથી વધુ કેસ અમદાવાદમાં ૫૭૪૦ અને ત્યારબાદ સુરતમાં ૨૧૧૬ નવા દર્દીઓ નોંધાયા.

## ભારત ૨ સ્વદેશી વેક્સીન વચ્ચે રશિયાની સ્પૂતનિક ભારત આવી ગઇ




ન્યુ દિલ્હી,તા.૨૯

ભારતમાં કોરોનાનું સામે રક્ષણ આપતી બબ્બે વેક્સીન આપવામાં આવી રહી છે. ૧લી તારીખથી રસીકરણ અભિયાન વધારે વેગીલુ બનાવવામાં આવી રહ્યું છે. જયારે બીજી બાજુ કોરોનાના કેસનો પણ રાફડો ફાટ્યો છે ત્યારે રશિયાની કોરોનાની અસરકારક વેક્સીન ભારત આવી રહી છે.

ભારતમાં કોરોનાની ત્રીજી રસીનું આગમ થઈ રહ્યું છે. રશિયાની સ્પૂતનિક રસી ભારત આવી ગઇ છે. રશિયાથી બે વિમાન દ્વારા આ રસી ભારતમાં લાવવામાં આવી હતી. પહેલી મેથી ૧૮થી ૪૫ વર્ષની વયનાને રસી આપવાનું શરૂ થશે, જેમને રશિયાની આ રસી પણ આપવામાં આવશે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિનની સાથે આ રસી અંગે વાતચીત કરી હતી અને આભાર વ્યક્ત કર્યો હતો. મોદીએ કહ્યું હતું કે કોરોના સામેની લડાઈમાં રશિયાએ મદદ કરી તે માટે પુતિનનો મે આભાર વ્યક્ત કર્યો છે. વડાપ્રધાન મોદીએ ટ્વિટ કરીને આ જાણકારી આપી હતી. આ પહેલા ૧૬મી એપ્રીલે ભારતના રશિયા સ્થિત રાજદુત બાલા વેંકટેશ વર્માએ કહ્યું હતું કે રશિયાની સ્પૂતનિક રસી એપ્રીલના અંત સુધીમાં ભારત પહોંચાડી દેવામાં આવશે.

૨૮મીએ દિવસે રશિયાથી બે વિમાનમાં આ રસી રવાના કરાઇ હતી જે રાત્રે ભારત પહોંચી ગઇ હતી. દિલ્હીમાં હાલ આ રસીને ઉતારવામાં આવી છે અને એક બે દિવસમાં તે રાજ્યોને પહોંચતી કરી દેવામાં આવી શકે છે.

## વિશ્વમાં સંક્રમિત લોકોની સંખ્યા ૧૫ કરોડને પાર, ૧૭ દેશમાં મળ્યો વાયરસનો ઇન્ડિયન સ્ટ્રેન

જીનીવા,તા.૨૯

બ્રિટન ભારતને કોરોનાની વેક્સિન આપશે નહીં, બ્રિટન પાસે એની જરૂરિયાત પૂરતી જ વેક્સિન છે.વિશ્વમાં કોરોનાથી અસરગ્રસ્ત લોકોની સંખ્યા ૧૫ કરોડને પાર થઈ ગઈ છે. અત્યારસુધીમાં ૧૫.૦૨ કરોડથી વધુ લોકોને કોરોનાવાયરસથી સંક્રમણ લાગ્યું છે, જેમાંથી ૩૧.૬૩ લાખથી વધુ લોકો મૃત્યુ પામ્યા છે, જ્યારે ૧૨.૮૨ લાખ લોકો સાજા થયા છે. હાલમાં ૧.૯૩ કરોડ લોકો સારવાર લઈ રહ્યા છે, તેમાંથી ૧.૯૨ કરોડ લોકોમાં કોરોનાનાં હળવાં લક્ષણો છે અને ૧.૧૦ લાખ લોકોની હાલત નાજુક છે..બીજી તરફ, કોરોનાવાયરસનો ઇન્ડિયન સ્ટ્રેન વિશ્વના ૧૭ દેશમાં પહોંચી ચૂક્યો છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ઉૐ)એ અહેવાલ આપ્યો છે કે ગયા અઠવાડિયે વિશ્વમાં કોરોનાના ૫૭ લાખ કેસ નોંધાયા છે. આ આંકડો પ્રથમ પીક કરતાં વધુ છે. ઇન્ડિયન સ્ટ્રેન અથવા ૠ.૧.૬૧૭ સ્ટ્રેન (ડબલ મ્યૂટેશન વેરિયેન્ટ)ને કારણે ભારતમાં કોરોનાના કેસ સતત વધી રહ્યા છે. WHO એને વેરિયેન્ટ ઓફ ઇન્ટરેસ્ટ (VOI) જાહેર કર્યો છે.વિશ્વમાં ૮ લાખ ૮૫ હજાર ૬૦૪ પોઝિટિવ લોકોની ઓળખ કરવામાં આવી હતી અને ૧૫,૨૮૪ લોકો મૃત્યુ પામ્યા હતા. નવા કેસોના આંકડા વિશે વાત કરીએ તો સોમવારે દુનિયાભરમાં નોંધાયેલા કેસમાંથી ૪૨% કેસ માત્ર ભારતમાં મળ્યા. અહીં ૩ લાખ ૭૯ હજાર ૪૫૯ લોકોમાં કોરોનાની પુષ્ટિ થઈ હતી.

બ્રિટનના આરોગ્યમંત્રી મેટ હનૂકે બુધવારે સાંજે સ્પષ્ટ કર્યું હતું કે તેમના દેશમાં કોવિડ-૧૯ વેક્સિનનો ઓવર સ્ટોક નથી. તેમના જણાવ્યા મુજબ, બ્રિટન પાસે એની જરૂરિયાત પૂરતી જ વેક્સિન છે, એને એક્સેસ સ્ટોક કહેવો જોઈએ નહીં. આ જ કારણ છે કે અમે ભારતને વેક્સિન આપી શકીશું નહીં. આ સિવાય વેન્ટિલેટર અને અન્ય જરૂરી મેડિકલ સાધનો નવી દિલ્હી મોકલવામાં આવી રહ્યાં છે.

હનૂકે કહ્યું હતું કે હવે બ્રિટનમાં વેન્ટિલેટરની જરૂર નથી, તેથી હવે તેમને ભારત મોકલવામાં આવી રહ્યાં છે. ભારતની પાસે પોતાની વેક્સિન છે, જે બ્રિટિશ ટેકનોલોજી પર આધારિત છે. આ એક મોટી સફળતા છે. સીરમ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા વિશ્વના કોઈપણ સંગઠન કરતાં વધુ વેક્સિન ઉત્પન્ન કરે છે.

ફિજીમાં કોરાના ઇન્ડિયન સ્ટ્રેન મળ્યા બાદ અફરાતફરી મચી ગઇ છે. મહામારીની ચેન તોડવા માટે એની રાજધાની સુવામાં ગઈકાલથી ૧૪ દિવસનું લોકડાઉન લાદવામાં આવ્યું હતુ. એ એક દિવસ પછી ઇન્ડિયન સ્ટ્રેનની પુષ્ટિ થયા પછી આરોગ્ય વિભાગ ચિંતિત છે. તેને ડર છે કે ઇન્ડિયન સ્ટ્રેન મળ્યા બાદ દેશમાં કોરોનાના કેસોની સુનામી ન આવી જાય.

## કોરોનાના લક્ષણો દેખાય તો ભૂલેચુકે ના લેતા આઈબ્રુફેન કે પેઈનકિલર: આઈસીએમઆર

ન્યુ દિલ્હી,તા.૨૯

ભારતમાં કોરોના વાયરસ હાહાકાર મચાવી રહ્યો છે. જોકે કોરોનાના સામાન્ય લક્ષણો ધરવતા મોટી સંખ્યામાં લોકો ઘરે રહીને જ સાજા થઈ રહ્યાં છે. પરંતુ કેટલાક એવા પણ દર્દીઓ છે જે કોરોનાથી બચવા અથવા સાજા થવા આડેધડ ગોળીઓ ખાઈ રહ્યાં છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચે આ લોકોને ચેતવ્યા છે.

આઈસીએમઆર કેટલીક દવાના નામ જણાવ્યાં છે જે કોરોનાના દર્દીઓએ ભૂલેચૂકે ના લેવી. આ દવાઓ આડેધડ લેવાથી સમસ્યા ઓછી થવાની જગ્યાએ વધી શકે છે. આઈસીએમઆરએ જણાવ્યું છે કે, હૃદયરોગીઓ માટે જોખમી ગણાતી આઈબ્રુફેન જેવી કેટલીક પેઈનકિલર્સ કોવિડ-૧૯ના લક્ષણોને ગંભીર બનાવી શકે છે. તેનાથી કિડની ખરાબ થવાનું જોખમ વધી શકે છે.

આઈસીએમઆર એ કહ્યું છે કે, નોન સ્ટેરોઈડ એન્ટી ઈન્ફ્લેમેટરી દવાઓ લેવાની જગ્યાએ બીમારી દરમિયાન જરૂર પડ્યે પેરાસિટામોલ દવા લેવી જોઈએ. શું હાર્ટપેશન્ટ્સ, ડાયાબિટિસ કે હાઈ બ્લડ પ્રેશરના દર્દીઓને કોરોનાના સંક્રમણનું જોખમ વધુ છે? આ મામલે આઈસીએમઆર એ જણાવ્યું હતું કે, ના, હાઈ બ્લડપ્રેશર, ડાયાબિટિસ કે હાર્ટના દર્દીઓને કોઈ અન્યની સરખામણીમાં સંક્રમિત થવાનું જોખમ વધુ નથી. કોરોનાના હળવા લક્ષણો પણ દેખાય તો તરત જ ટેસ્ટ કરાવો.

## ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં

કોરોના નવા કેસની સંખ્યા:૧૪૩૨૭

રાજ્યમાં કુલ કેસનો આંકડો

પહોંચ્યો : ૫૫૩૧૭૨

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં

લોકોનાં મૃત્યુ: ૧૮૦

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા

દર્દીઓની સંખ્યા :૯૫૪૪

ગુજરાતમાં સાજા થયેલા કુલ

દર્દીઓની સંખ્યા : ૪૦૮૩૬૮

## ભારતને કોરોનાના મુશ્કેલ સમયમાં રસી આપવાનો બ્રિટને કર્યો ઈનકાર

લંડન,તા.૨૯

દુનિયામાં કોરોનાના સૌથી મોટા પીડિત એવા ભારતને મુશ્કેલ સમયમાં બ્રિટને કોરોનાની રસી ના આપવાનો નિર્ણય કર્યો છે. બ્રિટને કહ્યું છે કે, તેમની પાસે રસીનો જથ્થો એટલા પ્રમાણમાં નથી કે તે ભારતને આપી શકે. બ્રિટનમાં કોરોનાને કારણે હોસ્પિટલો પર ભારે બોઝો છે જેના કારણે આ નિર્ણય કરવામાં આવ્યો છે.

સ્વાસ્થ્ય મંત્રી મેટ હૈંકોકે કહ્યું હતું કે, ભારતને કોરોનાની રસી આપવા માટે બ્રિટન પાસે હાલ પુરતો સ્ટોક નથી. બીજી બાજુ હજુ અમારો દેશ જ કોરોનાની ઘાતક લહેરનો સામનો કરી રહ્યો છે. જોકે બ્રિટને ભારતને વેંટિલેટર અને ઓક્સીજન કંટેનર્સ મોકલી આપ્યા છે પણ હેનકોકે કહ્યું છે કે, વર્તમાનમાં બ્રિટન ભારતને કોઈ વેક્સીન આપવાની સ્થિતિમાં નથી. હાલ અમારી પાસે વેક્સીનનો કોઈ વધારાનો પુરવઠો ઉપલબ્ધ નથી.ભારતમાં હાલ કોરોના વાયરસની બીજી લહેર ચાલી રહી છે. સ્થિતિ સતત ખરાબ થઈ રહી છે રોજના સાડા ૩ લાખથી વધારે નવા મામલા મળી રહ્યા છે. તેવામાં બીજા દેશો ભારતની મદદ માટે આગળ આવ્યા છે. આ તબક્કામાં કેનેડાના ૧૦ મિલિયન ડોલર આપવાનું એલાન કર્યુ હતુ તો સાઉથ કોરિયાએ મેડિકલ સપ્લાય મોકલવાની વાત કરી હતી. ન્યૂઝીલેન્ડે લગભગ ૭ લાખ અમેરિકન ડોલર આપવાનું એલાન કર્યુ છે. ન્યૂઝીલેન્ડના વિદેશ મંત્રી નનાઈયા મહુતા એ બુધવારે (૨૮ એપ્રિલ)એ આ જાહેરાત કરી હતી.

બ્રિટને પણ ભારતની મદદ કરવાની જાહેરાત કરી હતી. જોકે બ્રિટને હવે કહ્યું છે કે, હાલ તે કોરોનાની રસી તેના નાગરિકોને આપવાને પ્રાથમિકતા આપી રહ્યું છે. માટે હાલ તેની પાસે ભારત જેવા જરૂરીયાત ધરાવતા દેશોને તેની વેક્સીનનો જથ્થો પુરો પાડવા માટેના વધારાના ડોઝ નથી. ભારતમાં કોરોનાની બીજી લહેરના સંદર્ભમાં બ્રિટનના પ્રધાનમંત્રી બોરિસ જોનસનના પ્રવક્તાએ કહ્યું હતું કે, આ પ્રક્રિયાની નિરંતર સમીક્ષા કરવામાં આવી રહી છે. દેશ ૪૯૫ ઓક્સીજન કંટેનર્સ, ૧૨૦ વેંટિલેટર્સ સહિતના જરૂરી સામાનનો જથ્થો મોકલી રહ્યું છે જેથી કરીને ભારતમાં તેની અછત દૂર કરી શકાય. ૧૦૦ વેંટિલેટર અને ૯૫ ઓક્સીજન કંટેનર્સનો પહેલો જથ્થો તો મંગળવારે સવાર જ ભારત આવી પહોંચ્યો છે.

## લોકો મૂર્ખ છે તેવું સમજતી સરકાર વિરુદ્ધ લોકોએ બળવો કરવો જોઈએ: ચિદમ્બરમ

ન્યુ દિલ્હી,તા.૨૯

દેશમાં કોરોના વાયરસની પરિસ્થિતિને લઈને કોંગ્રેસ સતત કેન્દ્ર સરકારને ઘેરી રહી છે. કોંગ્રેસે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રીના એક નિવેદનને લઈને તેમની ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે તેમને મંત્રી પદેથી હટાવી દેવા જોઈએ. જ્યારે પાર્ટીના અનુભવી નેતા પી ચિદમ્બરમે તે પણ કહ્યું છે કે ભારતના તમામ લોકોને મૂર્ખ સમજી રહેલી સરકાર વિરુદ્ધ લોકોએ બળવો કરી દેવો જોઈએ. જ્યારે પાર્ટીના પ્રવક્તા સુપ્રિય શ્રીનેતે હર્ષવર્ધનને હટાવી દેવાની માંગ કરી છે. ચિદમ્બરમે ટ્વિટ કરી છે કે, હું કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી હર્ષવર્ધનના તે નિવેદનથી ઘણો આક્રોશમાં છું કે ઓક્સિજન, વેક્સીન અને રેમડિસિવિરની કોઈ તંગી નથી. હું ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના તે નિવેદનથી પણ આક્રોશમાં છું કે પ્રદેશમાં વેક્સીનની કોઈ તંગી નથી.

ભૂતપૂર્વ કેન્દ્રીય મંત્રીએ અન્ય એક ટ્વિટમાં લખ્યું છે કે શું ટીવી ચેનલો પર ચાલી રહેલા તમામ વિઝ્યુઅલ્સ, અખબારોના સમાચાર ખોટા છે? શું ડોક્ટરો ખોટું બોલી રહ્યા છે, શું દર્દીઓના પરિજનો ખોટું બોલી રહ્યા છે? શું તમામ વિડીયો અને તસ્વીરો ખોટી છે? ચિદમ્બરમે જણાવ્યું હતું કે, જનતાએ તે સરકાર વિરુદ્ધ બળવો કરવો જોઈએ જે તે માનીને ચાલી રહી છે કે ભારતના તમામ લોકો મૂર્ખ છે. બીજી તરફ કોંગ્રેસ પ્રવક્તા સુપ્રિયા શ્રીનેતે પણ ડોક્ટર હર્ષવર્ધન પર પ્રહાર કર્યા છે. તેમણે કહ્યું છે કે, હોસ્પિટલોમાં સારવાર મળી રહી નથી. ઓક્સિજનની તંગી પણ છે. લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. સ્મશાન અને કબ્રસ્તાનમાં જગ્યા બચી નથી. આવી પરિસ્થિતિ હોવા છતાં સ્વાસ્થ્ય મંત્રી કહે છે કે આ વર્ષે ગત વર્ષ કરતા વધારે સારી છે. તેમણે આરોપ લગાવ્યો કે, એવું લાગે છે કે તેઓ માનવતાનો મૂળધર્મ ભૂલી ચૂક્યા છે.

સત્તાના અહંકારમાં એટલા ચૂર થઈ ગયા છે કે તેઓ લોકોની વેદના પણ ભૂલી ગયા છે. તેમણે કહ્યું હતું કે, હર્ષવર્ધનની અંદર નૈતિકતા નથી અને તેથી તેઓએ રાજીનામું આપી દેવું જોઈએ. તેમને તાત્કાલિક પદેથી હાંકી કાઢી દેવા જોઈએ. નોંધનીય છે કે હર્ષવર્ધને મંગળવારે જણાવ્યું હતું કે, ૨૦૨૧મા દેશ ગત વર્ષની તુનલાએ કોરોનાના રોગચાળાને હરાવવા માટે વધારે અનુભવની સાથે માનસિક અને ભૌતિક રીતે વધારે સારી રીતે તૈયાર છે.

## તંત્રી સ્થાનેથી...

# કોરોના સંક્રમિત પરિવારની વ્યથા સમજનારાઓ કેટલા.....?

હાલના સમયમાં ભારતની બેહાલ સ્થિતી માટે કોરાનાને જવાબદાર ઠેરવી રહ્યા છીયે. ત્યારે કોરોના ફેલાવવા માટે કેટલાક નાસમજ લોકો તથા રાજકીય પક્ષો જવાબદાર છે કે તે બાબત આમ પ્રજાએ પણ સમજવાની જરૂર છે. દેશમાં કોરોના સંક્રમિત કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે તો મૃતાંક સંખ્યા હૈયું હચમચાવી નાખે છે.... જોકે રાજકીય ક્ષેત્રમાં આ બાબતની અસર થઇ હોય તેમ અનુભવાતું નથી....! પરંતુ માનવ જગતમાં આજની તારીખે માનવતા જાગતી રહી છે અને સમયની જરૂરિયાતને અનુરૂપ મામવ-માનવને સહાયરૂપ બની રહ્યા છે જે એક હકીકત છે. દેશમાં મોટા પ્રમાણમાં ઓક્સિજનની અછત, રેમડેસિવીરની અછત,દવાઓની અછત સહિતની મોટા ભૂગળનાદે બૂમો ઉઠ છે. હોમ ક્વોરન્ટાઈન પરિવારજનો માટે કે વ્યક્તિગત ક્વોરેન્ટાઈન થયેલા માટે ખાવા-પીવા સહિતની જીવન જરૂરી ચીજ વસ્તુઓની તકલીફો ઉભી થાય છે..... પરંતુ કોરોના સંક્રમિત પરિવારની મદદ કરવાથી મોટા ભાગે પડોશીઓ દૂર રહે છે જાણે કે કોરોના સંક્રમિત ગુનેગાર હોય તેવું વર્તન,વહેવાર કરી નાખવામાં આવે છે. ખરેખર તો જ્યારે કોરોના સંક્રમિત પરિવાર કે વ્યક્તિને આશ્વાસન આપતા શબ્દોની,હિંમત આપતા શબ્દોની અને સારા વ્યવહાર-, વર્તન વાણીની જરૂર છે. માસ્ક આને ડિસ્ટન્સ જાળવી અને સહાયક બની શકાય છે..... પરંતુ અફસોસ કેટલાક રાજકીય પક્ષોએ જ્ઞાતિ-જાતિ કોમના વાડા ઉભા કરી દીધા છે... તો કોરોના બાબતેના પ્રસાર-પ્રચાર સમાચાર માધ્યમોએ આમ પ્રજામાં કોરોનાનો હાઉ એટલો ભયંકર પ્રમાણમાં પેદા કરી દીધો છે કે માનવ- માનવથી દૂર ભાગવા લાગ્યો છે.... કોરોના સંક્રમિત એટલે કોઈ ગુનેગાર હોય તેમ તેની સાથે વર્તન થઇ રહ્યું છે... જયરેકે પ્રસાર પ્રચાર માધ્યમોએ કોરોના સંક્રમિત માટે અથવા કોરોના અનુસંધાને બચાવ થઈ શકે, કોરોના સંક્રમિત સાથે કઈ રીતે વ્યવહાર કરવો જોઈએ તેવો કોઈ જ સમાચાર દ્વારા બોધપાઠ આપેલ નથી.....! ત્યારે બીજી તરફ અનુભવાય છે કે માનવતા મરી પરવારી નથી આજે પણ અનેકોમા માનવતાનો ઘંટનાદ ગુંજતો રહ્યો છે. અને તે માનવતા માણવા કોરોના સંક્રમિત પરિવારો, ક્વોરેન્ટાઈન કરવામાં આવેલ વિસ્તારોના પરિવારો, હોસ્પિટલો, મેડિકલ સ્ટોર્સો, ઓક્સિજન સપ્લાયરો અને સ્મશાન ગૃહોના વિસ્તારોમાં ફરતા રહો તોજ અનુભવાય છે કે આજના માનવીની વ્યથા શું છે...અને તેની જરૂરત શું છે.....?

દેશમાં કોરોનાની મહામારીનું રૂપ રાક્ષસી બની ગયું છે.લોકો લોકડાઉન ઈચ્છી રહ્યા છે છતાં કેન્દ્ર કે મોટાભાગની રાજ્ય સરકારો લોકડાઉન માટે તૈયાર નથી.....!? તો કેટલાંક રાજ્યોએ એવી નીતિ અપનાવી છે કે લોકડાઉન જાહેર નહીં કરી કેટલાક જીવન જરૂરી ધંધા-રોજગાર સિવાયના તમામ વેપાર ધંધાઓ પર પાબંધી મર્યાદિત દિવસો માટે ફરમાવી છે કે ફરમાવી રહ્યા છે. પરંતુ આવી સ્થિતિ મધ્યમવર્ગ, રોજમદારો, મજુર વર્ગ માટે બહુ તકલીફ દેહી બની જાય છે. જે બાબતની જવાબદારી કોઈપણ સરકાર લેવા તૈયાર નથી.....! જે કારણે લોકડાઉન જરૂરી હોવા છતાં લોકડાઉન લાગુ કરવાથી દૂર રહ્યા છે. પરંતુ લોકો જાગૃત થઈ ગયા છે અને કોરોના સાકળ તોડવા નાના-મોટા શહેરો, જિલ્લા મથકો, ગામડાઓ સ્વયંભૂ લોકડાઉન પાલન કરવા તરફ વળી ગયા છે... જે સરકારના ગાલપર તમતમતો તમાચો છે....પણ સરકારને તેની અસર નથી....! આવા સમયે ચૂંટાયેલા તમામ જનપ્રતિનિધિઓએ, પ્રચારકોએ આમ પ્રજાની મદદ માટે તેમની વચ્ચે જવાની જરૂર છે પરંતુ તેવું જવલ્લેજ જોવા મળી રહ્યું છે. ત્યારે રતન ટાટા ગ્રુપ, રિલાયન્સ જેવા આમ પ્રજાને ઓક્સિજન, દવા, મેડિકલ સારવાર સહિતની સહાય. કરવા પર ઉતરી આવ્યા છે. તો વિવિધ જૈન સંપ્રદાયો કે તેના ગ્રુપો, સ્વામિનારાયણ સંસ્થાઓ કે તેના સમર્થકો તથા સેવાભાવી ભૈખધારી ભામાશાઓ કોરોના સંક્રમિત પરિવારોને ટિફિન, દવા, ઓક્સિજન સહિતની સહાય પહોંચાડવા સહિતની મદદ પર ઉતરી પડ્યા છે,જો કે અમદાવાદમાં એક માત્ર નગરસેવક વિરલ ભરતભાઈ વ્યાસ કોઈ પણ જાહેરાતો કર્યા વગર દવાઓ, ઓક્સિજન,ટીફીન,તથા જીવન જરૂરી ચીજ વસ્તુઓ વાડજ સહિત આજુબાજુના ફરતા વિસ્તારોમાં અનેક જરૂરતમંદોને પહોંચાડી રહ્યા છે. ત્યારે સવાલ એ ઉઠેછે કે આવા પ્રજા હિતેચ્છુ ચૂટાયેલા કેટલા.....? વંદે માતરમ્,

# અરવલ્લીમાં કોરોના યુવાનોનો સતત ભોગ લેતા લોકોમાં ફફડાટ : ૨૪ કલાકમાં ૧૦થી વધુના મોત

અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી જીલ્લા સહીત મોડાસા શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં કોરોના દિન-પ્રતિદિન હાહાકાર મચાવી રહ્યો છે તેવામાં દિવસેને દિવસે કોરોના થી સારવાર દરમિયાન મૃત્યુઆંકમાં વધારો થઈ રહ્યો છે અરવલ્લી જીલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના સંક્રમીત ૧૦ થી વધુ દર્દીઓએ સારવાર દરમિયાન દમ તોડી દેતા જીલ્લામાં હાહાકાર મચ્યો છે મોડાસા શહેરના અંતિમધામમાં રાત્રીના નીરવ શાંતિના માહોલમાં પણ અંતિમક્રિયા માટે સ્વજનો પહોંચતા અંતિમધામમાં જોવા મળતી આગની જવાળાઓથી સ્મશાન પાસેથી પસાર થતા વાહનચાલકો અને આજુબાજુના વિસ્તારોમાં ભારે ભયનો માહોલ સર્જાયો છે

પ્રાપ્ત માહિતી અનુસાર, કોરોનાની બીજી લહેર જીલ્લામાં ધીરેધીરે હાહાકાર મચાવી રહ્યો છે મોડાસા શહેર સહીત જીલ્લામાં કોરોના સંક્રમીત યુવાન દર્દીઓના ટપોટપ મોત નીપજી રહ્યા છે મોડાસા શહેરમાં પણ સાર્વજનિક સ્મશાન ગૃહ ખાતે સતત મૃતદેહને અગ્નિદાહ આપવામાં અપાઇ રહ્યો છે લઘુમતી સમાજમાં પણ કોરોના સંક્રમિત દર્દીઓની દફનવિધિ પણ સતત થઇ રહી છે

ઉલ્લેખનીય છે કે તાજેતરના છેલ્લા દિવસો થી મોડાસા શહેરમાં કોરોનાથી મોતનો સિલસિલો ચાલુ રહ્યો છે જીલ્લાની સરકારી અને ખાનગી કોવીડ-૧૯ હોસ્પિટલોમાં કોરોના ની સારવાર દરમિયાન અનેક લોકોના મોત નીપજી રહ્યા છે બીજી બાજુ મોડાસા શહેરના મુખ્ય બજારોમાં પણ ભીડ જોવા મળી રહી છે ત્યારે સામાન્ય વ્યક્તિ પણ કોરોનાનો પ્રોટોકોલનું પાલન કરી રહ્યા નથી ત્યારે સ્થાનિક તંત્ર પણ બેજવાબદાર હોય તેમ નક્કર પગલાં ભરીને કોઈ સામે કાર્યવાહી કરી રહી નથી ત્યારે હજુ પણ દિન-પ્રતિદિન વર્તમાન પરિસ્થિતિને લઈને કોરોનાથી ભયાનકતા જોવા મળી રહી છે.

# રાજસ્થાનના સીએમ અશોક ગેહલોતનો કોરોના રિપોર્ટ આવ્યો પોઝિટિવ, થયા આઈસોલેટ


જયપુર,તા.૨૯

રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. તેના પહેલા અશોક ગેહલોતના પત્ની સુનીતા ગેહલોત કોરોના સંક્રમિત આવ્યા હતા. હાલ અશોક ગેહલોત અને તેમના પત્ની બંને ઘરે જ આઈસોલેટ થયા છે. રાજસ્થાન કોંગ્રેસના અધ્યક્ષ ગોવિંદ સિંહ ડોટાસરાએ મુખ્યમંત્રી અશોક ગેહલોત જલ્દી સ્વસ્થ થાય તેવી કામના કરી હતી.

મુખ્યમંત્રી ગેહલોતે ટ્વીટમાં લખ્યું હતું કે, 'કોવિડ ટેસ્ટ કરાવવા પર આજે મારો રિપોર્ટ પણ પોઝિટિવ આવ્યો છે. મને કોઈ પણ જાતના લક્ષણો નથી અનુભવાઈ રહ્યા અને મને સારૂ લાગી રહ્યું છે. કોવિડ પ્રોટોકોલનું પાલન કરીને હું આઈસોલેશનમાં રહીને જ કામ ચાલુ રાખીશ.'

અગાઉ તેમણે ટ્વીટરના માધ્યમથી પોતાના પત્ની કોવિડ પોઝિટિવ આવ્યા હોવાની જાણકારી આપી હતી. રાજસ્થાનમાં કોરોનાના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે. બુધવારે રાજ્યમાં રેકોર્ડ સમાન ૧૬,૬૧૩ નવા કેસ સામે આવ્યા હતા અને ૧૨૦ લોકોના મોત થયા હતા. આ દરમિયાન ૮,૩૦૩ લોકો રિકવર પણ થયા હતા.

# 'પીએમ મોદી રાજીનામુ આપો' હેશટેગને ફેસબુકે કર્યુ બ્લૉક






ન્યુ દિલ્હી,તા.૨૯

કોરોના વાયરસની બીજી લહેરનો ભારતમાં પ્રકોપ ચાલુ છે. ભારતમાં કોરોના વાયરસની સ્થિતિને યોગ્ય રીતે હેન્ડલ નહિ કરવા માટે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકારની જોરદાર ટીકા થઈ રહી છે. આ દરમિયાન ફેસબુક, ટ્વિટર સહિત ઘણા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર 'પીએમ મોદી રાજીનામુ આપો' હેશટેગ ચલાવવામાં આવી રહ્યુ છે. ભારતીય પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના રાજીનામાનુ આહ્વાન કરનાર આ હેશટેગને બુધવારે (૨૮ એપ્રિલ) ફેસબુકે થોડા સમય માટે બ્લૉક કરી દીધુ હતુ. 'ધ ગાર્ડિયન'માં છપાયેલા રિપોર્ટ મુજબ ફેસબુકે હેશટેગને બ્લૉક કરીને ૧૨ હજારથી વધુ એવી પોસ્ટને પણ ડાઉન કરી દીધી જેમાં પીએમ મોદીના રાજીનામાની માંગ કરવામાં આવી હતી અને સરકારની ટીકા થઈ હતી.

જો કે 'ધ વૉલ સ્ટ્રીટ જનરલ' એ પોતાના રિપોર્ટમાં લખ્યુ છે કે ફેસબુકે હેશટેગ #ResignModiને બુધવારે બ્લૉક કર્યાના થોડા કલાકો બાદ તેને ફરીથી ચાલુ કરી દીધુ છે. ફેસબુકે કહ્યુ છે કે હેશટેગ #ResignModi ભૂલથી બ્લૉક થઈ ગયુ હતુ. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે કોરોના સંકટ પર ભારતીયોની પ્રતિક્રિયા અને સાર્વજનિક અસંતોષ પર અંકુશ લગાવવાના સરકારના પ્રયાસો વચ્ચે #ResignModi હેશટેગને ફેસબુક પર ઘણા કલાકો માટે રોકી દેવામાં આવ્યુ હતુ.

'ર મોદી રાજીનામુ આપો' આ હેશટેગનો કેમ બ્લૉક કરવામાં આવ્યુ તેના પર ફેસબુકે એ કહેવાનો ઈનકાર કરી દીધો કે શું કાર્યવાહી થઈ છે અને કેમ એક્શન લેવામાં આવી છે. જો કે ફેસબુકે આ હેશટેગને હટાવવા માટે માફી માંગી છે. ફેસબુકના પ્રવકતા એંડી સ્ટોને કહ્યુ, 'ભારત સરકારે અમને આમ કરવા માટે નહોતુ કહ્યુ, અમારી ભૂલથી આ હેશટેગ બ્લૉક થઈ ગયુ હતુ. ભારત સરકારે અમને ફરીથી ચાલુ કરવા માટે કહ્યુ નથી. અમે આના માટે માફી માંગીએ છીએ.'

ભારતના ઘણા ફેસબુક યુઝરે ટ્વિટર પર પોસ્ટ કરીને એ વાતની માહિતી આપી કે 'મોદીના રાજીનામા'વાળા હેશટેગ ફેસબુક પર જોવાથી રોકી દેવામાં આવ્યુ છે. ફેસબુક યુઝરે જયારે હેશટેગ #ResignModiને સર્ચ કરી રહ્યા હતા ત્યારે અથવા આ સાથે પોસ્ટ કરવા માંગતા હતા ત્યારે તેમને એક નોટિફિકેશન દેખાઈ રહ્યુ હતુ. જેમાં લખ્યુ હતુ - 'કમ્યુનિટી ગાઈડલાઈનને સુરક્ષિત રાખો. #ResignModi સાથે કરવામાં આવેલ પોસ્ટ હિડન(છૂપાયેલુ) છે. કારણકે તેમાં અમુક એવા પણ કન્ટેન્ટ છે જે અમારી કમ્યુનિટી ગાઈડલાઈનનુ ઉલ્લંઘન કરે છે.'

### વેક્સિન નિકાસનો ઢંઢેરો પીટ્યો,પરંતુ પોતાની ઉત્પાદનક્ષમતા જ નથી ખબર

# વિદેશી મીડિયામાં ફરી મોદી પર પ્રહાર, વડાપ્રધાનના અભિમાનથી ભારતમાં ડરનો માહોલ

## ભારતનો આત્મા આંધળા રાજકારણમાં ખોવાઈ ગયો- ધી ગાર્ડિયન, ભારતીય મતદારોએ લાંબા અને ભયંકર સપનાની પસંદગી કરી- ધી ન્યૂયોર્ક ટાઈમ્સ

ન્યુ દિલ્હી,તા.૨૯

આ એ હેડલાઈન્સ છે, જ્યારે મોદી ૨૦૧૯માં ફરી વડાપ્રધાન બન્યા હતા. દુનિયાના ટોપ મીડિયા હાઉસમાં નરેન્દ્ર મોદીની જીતને કંઈક આ રીતે રજૂ કરવામાં આવી હતી. બે વર્ષ પછી એટલે કે મે ૨૦૨૧માં વિદેશી મીડિયાના પ્રહાર થોડા વધારે જ વધી ગયા છે. કોરોનાની બીજી લહેરમાં સરકાર નિષ્ફળ ગઈ તો વિદેશી મીડિયાએ સત્યને ખૂલીને રજૂ કર્યું. તાજેતરમાં જ ફ્રાન્સના ન્યૂઝપેપર લે મોંડેનું છે. તો આવા અમુક પોઈન્ટ્સથી જાણીએ કે આ ન્યૂઝપેપરે તેમના એડિટોરિયલમાં દેશની કેન્દ્ર સરકાર વિશે શું લખ્યું છે....

રોજ ૩.૫ લાખ નવા કોરોનાના દર્દી અને ૨૦૦૦થી વધારેનાં મોત. આ સ્થિતિ ભયંકર વાયરસને કારણે થઈ છે, પરંતુ એની પાછળ વડાપ્રધાનનું અભિમાન, મોટી મોટી વાતો અને નબળું પ્લાનિંગ છે. સમગ્ર દુનિયામાં વેક્સિન નિકાસનો ઢંઢેરો પીટ્યો અને ત્રણ મહિના પછી ભારતમાં ભયંકર સ્થિતિ જોવા મળી. ભારતની સ્થિતિ કંટ્રોલ બહાર થઈ ગઈ છે. આંતરરાષ્ટ્રીય સ્તર પર મદદની જરૂર છે. ૨૦૨૦માં અચાનક વડાપ્રધાને લોકડાઉન લગાવ્યું અને લાખો પ્રવાસી અને મજૂરોને શહેર છોડવું પડ્યું. વડાપ્રધાને ગયા વર્ષે સિસ્ટમ લોક કરીને બધું રોક્યું અને ૨૦૨૧ની શરૂઆતમાં જ બધું ખુલ્લું મૂકી દીધું.

મેડિકલ સિસ્ટમ પર માત્ર ભાષણ આપ્યા. જનતાની સુરક્ષાની જગ્યાએ કારણ વગરના ઉત્સવ કર્યા. વડાપ્રધાન મોદીએ સ્થિતિ વધારે ખરાબ કરી દીધી. રાજ્યની ચૂંટણીમાં જીત માટે પ્રચાર કરતા લાખોની ભીડને માસ્ક વગર સંબોધન કર્યું. કુંભમેળાને મંજૂરી આપી. લાખો લોકો ભેગા થયા અને તે કોરોનાનું હોટસ્પોટ બની ગયું.

પીએમ મોદીનો દરેકને વેક્સિન આપવાનો ટાર્ગેટ છે, પરંતુ દેશની સાચી ઉત્પાદનક્ષમતા વિશે તેઓ પોતે જ કશું નથી જાણતા. રાજકીય ફાયદો જ્યાંથી મળી શકે ત્યાં વેક્સિનેશનને પ્રાથમિકતા આપીશ, પણ જરૂરિયાતને ધ્યાનમાં ના રાખી. પરિણામ એ આવ્યું કે અત્યારસુધી માંડ ૧૦ ટકા વસતિને જ વેક્સિન મળી છે, એટલે કે હર્ડ ઈમ્યુનિટી મેળવવા માટે જરૂરી વેક્સિનેશન કદાચ ૨૦૨૩ સુધીમાં પણ પૂરું ના થઈ શકે. આ સંકટને ધ્યાનમાં રાખીને અત્યારે એકજૂથ થવાની જરૂર છે. અત્યારે એ બધું કરવું જોઈએ,જે લાખો લોકોની પીડા દૂર કરી શકે. અમેરિકા, યુરોપ, ફ્રાન્સ, જર્મની અને બ્રિટને વેક્સિનનું ઉત્પાદન વધારવા માટે પહેલા જ મદદ મોકલવાની જાહેરાત કરી દીધી છે.

# બંગાળમાં ચૂંટણીઃ ઉત્તર કોલકાતામાં કાર સવારોએ ફેંક્યા બોમ્બ

કલકત્તા,તા.૨૯

પશ્ચિમ બંગાળમાં ગુરૂવારે વિધાનસભા ચૂંટણીના અંતિમ તબક્કાનું મતદાન થઈ રહ્યું છે. ત્યારે ઉત્તર કોલકાતાના મહાજાતિ સદન વિસ્તારમાં બોમ્બ ફેંકવામાં આવ્યો હોવાની ઘટના સામે આવી છે. જાણવા મળ્યા મુજબ કારમાં સવાર કેટલાક લોકોએ આ ઘટનાને અંજામ આપ્યો હતો. જો કે તેના કારણે કોઈ નુકસાન થયું હોવાના સમાચાર સામે નથી આવ્યા. આ અંગે જાણ થયા બાદ તે વિસ્તારમાં ભારે પોલીસ બળ તૈનાત કરી દેવામાં આવ્યું છે. ચૂંટણી પંચે આ ઘટનાને લઈ રિપોર્ટની માંગણી કરી છે. નોંધનીય છે કે, બંગાળમાં ચૂંટણીના દરેક તબક્કા દરમિયાન હિંસાની ઘટના નોંધાઈ છે. આઠમા અને અંતિમ તબક્કાના મતદાનમાં ૪ જિલ્લાની કુલ ૩૫ વિધાનસભા બેઠકો પર મતદાન થઈ રહ્યું છે. આ તબક્કામાં માલદાની ૬, બીરભૂમની ૧૧, મુર્શિદાબાદની ૧૧ અને કોલકાતા નોર્થની ૭ બેઠકો સામેલ છે. મોડી સાંજે બંગાળ ચૂંટણીનું એક્ઝિટ પોલ જાહેર થશે જયારે ૨ મેના રોજ પરિણામો ઘોષિત થશે. ભાજપના નેતા અને અભિનેતા મિથુન ચક્રવર્તીએ આજે નોર્થ કોલકાતાના કાશીપુર-બેલગછિયા ખાતે પોતાનો મત આપ્યો હતો. મતદાન બાદ મિથુને જણાવ્યું કે, આજે પહેલી વખત મેં આટલા શાંતિપૂર્ણ વાતાવરણમાં મત આપ્યો છે જેના માટે હું સુરક્ષાકર્મીઓને શુભેચ્છા પાઠવું છું.

# ક્વોરેન્ટાઇન છતા રાહુલ ગાંધીનું કોવિડ સેવક મિશન, તૈયાર કરી ૨૦૦૦૦ લોકોની સેના

## રાહુલ ગાંધી સોશિયલ મીડિયા દ્વારા દેશના જરૂરી મુદ્દાઓને લઇ કેન્દ્રની મોદી સરકાર પર તીખા બાણો ચલાવી રહ્યા



ન્યુ દિલ્હી,તા.૨૯

કોરોના વાયરસની આ બીજી લહેરનો સૌ કોઈ સામનો કરી રહ્યા છે. પણ આ મુશ્કેલીના સમયમાં મદદ કરનારાઓની સંખ્યા પણ વધી છે. કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધી પાછલા દિવસોમાં કોરોના પોઝિટિવ સામે આવ્યા હતા, હાલમાં તેઓ હોમ ક્વોરેન્ટાઈન છે. પણ છતાં કોંગ્રેસના કાર્યકર્તાઓને સામાન્ય નાગરિકોની સેવા કરવા માટે સતત પ્રોત્સાહિત કરી રહ્યા છે.

રાહુલ ગાંધીએ હોમ ક્વોરેન્ટાઈન રહેતા કોંગ્રેસ પાર્ટીમાં કોરોના સેવકોની ફોજ તૈયાર કરી, જેની આગેવાની તેઓ કરી રહ્યા છે. આના માટે કોંગ્રેસે પોતાની શક્તિ મોબાઈલ એપનો ઉપયોગ કર્યો છે. આ એપના દ્વારા રાહુલ ગાંધીએ સંદેશો મોકલ્યો છે. જેની મદદથી લગભગ ૨૦ હજાર વોલિંટિર્સની સેના તૈયાર થઈ, જે કોરોના સંકટ કાળમાં લોકોની મદદ કરી રહ્યા છે. રાહુલ ગાંધી દ્વારા લગભગ ૧૫ રાજયોના કોંગ્રેસ કાર્યકર્તાઓને ખાનગી રીતે મેસેજ કર્યા. તેની અસર એ જોવા મળી કે લગભગ ૩૫૭ જિલ્લાની ૧૫૮૬ વિધાનસભાઓમાં ૨૦ હજાર કાર્યકર્તાઓની ફોજ ઊભી થઈ છે.

કોંગ્રેસે તેની દરેક ઓફિસો, કાર્યકર્તાઓને આદેશ આપ્યો છે કે તેઓ બધા રાજકીય કાર્યક્રમો બંધ કરે અને પોતાના તરફથી લોકોની મદદ કરવાનું શરૂ કરે. આસામની સ્થિતિને જોતા પાર્ટી દ્વારા દરેક ઉમેદવારો, નેતાઓને તરત લોકોની મદદ કરવાનો આદેશ આપ્યો છે.

ઉલ્લેખનીય છે કે, કોંગ્રેસ પાર્ટી દ્વારા કોરોના સંકટ માટે એક કંટ્રોલ રૂમ બનાવાયો છે. જેના માટે પાછલા દિવસોમાં એક હેલ્પલાઇન નંબર બહાર પાડવામાં આવ્યો હતો. આ ઉપરાંત યૂથ કોંગ્રેસ પણ સતત સોશિયલ મીડિયા પર એક્ટિવ થઈને લોકોની મદદ કરવામાં લાગ્યા છે તમને જણાવી દઈએ કે, રાહુલ ગાંધી ૨૦ એપ્રિલના રોજ કોરોના પોઝિટિવ સામે આવ્યા હતા. તેની જાણકારી તેમણે પોતે ટ્વીટરના માધ્યમે આપી હતી. રાહુલ ગાંધીએ પોતાને આઈસોલેટ કરી દીધા હતા. આ દરમિયાન રાહુલ ગાંધી સોશિયલ મીડિયા દ્વારા દેશના જરૂરી મુદ્દાઓને લઈ કેન્દ્રની મોદી સરકાર પર તીખા બાણો ચલાવી રહ્યા છે.

# ઉપલેટામાં કોરોનાનો હાહાકાર, માત્ર ત્રણ દિવસમાં ૭૫ કરતા વધુ લોકોના ભોગ લેવાતા શોકનો માહોલ

## ખોડલધામના વિઠલભાઈ, યાર્ડના ડિરેકટર મિતેશભાઈ, મહિલા પત્રકાર શિખા પટેલ સહિતનાઓએ કોરોનામાં જીવ ગુમાવ્યા

આજકાલ પ્રતિનિધિ

ઉપલેટા

શહેર-તાલુકામાં કોરોનાનો હાહાકાર મચતા છેલ્લા ત્રણ દિવસમાં ઉપલેટા, ભાયાવદર, પાનેલીમાંથી ૭૫ કરતા વધુ લોકોને કોરોના ભરખી જતા ભારે ગમગીનીનું મોજુ ફેલાયું છે.

શહેરમાં છેલ્લા ચાર દિવસ થયા સંપૂર્ણ લોકડાઉન થતા કોરોના કેસમાં મહદઅંશે કાબુમાં આવ્યો પણ કોરોનાને કારણે ગંભીર રહેલા દર્દીઓ છેલ્લા ૩ દિવસ ભાયાવદર, ઉપલેટા અને પાનેલી ગામના ૭૫ કરતા વધુ દર્દીઓના મોત થતા અરેરાટી વ્યાપી છે. જેમાં કોઈ પરિવારમાં માતા-પુત્રમાં કોઈમા પિતા-પુત્ર, ભાઈ-બહેનના મોત થતા પરિવારમાં ભારે ગમગીનીનું વાતાવરણ ફેલાઈ ગયું છે ગઈકાલે શહેર-તાલુકાના એકમાત્ર મહિલા



પત્રકાર શિખા પટેલ જૂનાગઢની ખાનગી હોસ્પિટલમાં માત્ર ૨૩ વર્ષે કોરોના જંગ સામે હારી જતાં પત્રકાર સંઘમાં શોકનું મોજુ ફેલાયું હતું જ્યારે માર્કેટિંગ યાર્ડના ડિરેકટર મિતેશભાઈ અમૃતિયા પણ નાની ઉંમરે કોરોનાને હરાવવામાં નિષ્ફળ જતા તેનું પણ રાજકોટની ખાનગી હોસ્પિટલમાં મોત થયું છે મિતેશભાઈના પિતા રમેશભાઈ વિઠલભાઈ અમૃતિયા ઉ.વ.૭૩એ પણ જૂનાગઢની ખાનગી હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતા.

શહેર-તાલુકા ખોડલધામ સમિતિના પ્રમુખ અને કૈલાશ મોક્ષ મંદિર ટ્રસ્ટનાં પ્રમુખ વિઠલભાઈ વોરાએ પણ શહેરની સમર્પણ હોસ્પિટલમાં સારવાર કારગત ન નિવડતા મોત થયું છે. માર્કેટિંગ યાર્ડના કર્મચારી વસંતભાઈ રામજીભાઈ ભાલોડિયા ઉ.વ.૫૯નું કોરોનાને કારણે મોત થતા યાર્ડના પ્રમુખ માધવજીભાઈ પટેલ, ઉપપ્રમુખ રાજાભાઈ સુવા, સેક્રેટરી રાજભાઈ ઘોડાસરાએ વસંતભાઈ શ્રધ્ધાસુમન અર્પણ કરી દુઃખની લાગણી વ્યક્ત કરી હતી.

# હટ્ હાળા કસાઈ...

૧..કેવળ એમ્બ્યુલન્સનો બાર કલાકનો વેઈટિંગ ચાર્જ ૨૨૦૦૦ રુપિયા..? પણ તાકડે એમ્બ્યુલન્સ મળી એ પણ સદનસીબ જ સમજો ને.. કચવાતા મને ભોગીલાલે પૈસા તો ગણી આપ્યા પણ..એમ્યુલન્સવાળાને જોઈ મનમાંથી અવાજ નીકળ્યો..

હટ્ હાળા કસાઈ...

૨..એમ્યુલન્સવાળાને ઓળખાણ હતી એટલે એની પત્નીને બેડ તો મળી ગયો.. પણ રેમડેસિવિરના છ ઈન્જેકશન શોધતા નાકે દમ આવી ગયો.. લીક મળી. પણ એક ઈન્જેક્શન બાર હજાર રુપિયા? પાંચ દિવસની બધી કમાણી પેલી કાળા બજાર કરતી નર્સને આપી દીધી.. એમ્યુલન્સવાળાની આંખો ભીની હતી. તેના મનમાંથી એક અવાજ નીકળ્યો..

હટ્ સાલી કસાઈ...

૩.. નર્સનો સગો બાપ વેન્ટિલેટર ઉપર હતો.. ઓક્સિજન ખતમ થવા આવ્યો હતો.. નર્સને બાટલો તો મળ્યો.. પણ ભાવ ચીરી નાંખે તેવો હતો... હમણાં પર્સમા ઉભરાયેલા પૈસા ઓક્સિજનવાળાને ઠાલવી. નર્સે પોતાનો સગા બાપનો જીવ બચાવી લીધો.. પણ ઓક્સિજનના ભરેલા બાટલાને જોઈને નર્સના મનમા એક જ અવાજ નીકળ્યો

હટ્ટ હાળા કસાઈ...

૪.. ઓક્સિજનવાળાના એકના એક છોકરાને આજે વીસ દિવસ પછી રજા મળવાની હતી.. ડોકટરનું બિલ જોઈને એની આંખો ચકળવકળ ગઈ.. પણ હ્રદય કાઠું કરીને ઓક્સિજનવાળાએ બિલ ચુકવ્યુ.. અંતરમાંથી ડોક્ટરને માટે એક જ અવાજ નીકળ્યો

હટ્ ટ હાળા કસાઈ...

૫... આખરે આરોગ્ય તંત્રવાળાએ ડોક્ટરને રંગે હાથ પકડી જ લીધા.. કોરોનાના ખોટા બિલ બનાવતા.. તપાસ કરતા આ હોસ્પિટલની ઘણી ગેરરીતિ પકડાઈ.. કેસ તો અધિકારીએ રાબેતા મુજબ દબાવી દીધો.. પણ ડોક્ટરની વર્ષભરની કમાઈ તપાસ અધિકારી ખાઈ ગયો.. પેલા તપાસ અધિકારીએ રોકડા લઇને જયાં પૂંઠ ફેરવી કે ડોક્ટરે ધીમા અવાજે કહયુ.

હટ્ ટ હાળા કસાઈ...

૬.. અરે અંતિમ સંસ્કાર કરવાના આટલા પૈસા હોતા હશે.. પોતાની સગી માતાના અગ્નિસંસ્કાર કરવા આવેલ પેલો તપાસ અધિકારી ગુસ્સે ભરાયો... પણ તપાસ અધિકારી સિસ્ટમને સમજતો હતો... અંતિમ સંસ્કાર કરનારનું ગળું દબાવી નાંખવાનું તપાસ અધિકારીને મન થઈ આવ્યુ..

×અસ્થિફુલ ઘરે આપવા આવવુ પડશે..× એવી શરત રાખીને તપાસ અધિકારીએ નાણા ગણી આપ્યા.. પેલો સ્મશાનવાળો થૂંક લગાવીને નાણા ગણી રહ્યો ત્યારે જ પેલા તપાસઅધિકારીનું અંતર બોલી ઉઠયું..

હટ્ હાળા કસાઈ..

૭.. સ્મશાનવાળો હજી પૈસા ગણી જ રહ્યો હતો.. ત્યાં જ એની પત્નીએ આવીને કહયું: ઝટ એમ્યુલન્સવાળાને ફોન કરો.. આપણી ઢબુ શ્વાસ નથી લઈ શકતી.. સ્મશાનવાળાએ આપણા એમ્યુલન્સવાળાને ફોન લગાવ્યો....

ડો. સ્વપ્નિલ કે. મહેતા

ન્યુઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ




સાહિત્ય સરિતા ગ્રુપ ની ૬ ગધ રચના રજૂ કરવામાં આવે છે.
વિષય : રામાયણ ના પાત્રો વિષયક રચનાઓ - .દિવસ - ૪

www.janfariyadnews.com
Email : prdpraval42@gmail.com
What's up calling No : 9824653073
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
નિર્ણાયક મંડળ :જયશ્રીબેન પટેલ, માયાબેન દેસાઈ
યુ ટ્યુબ ચેનલ : janfariyadnews
ન્યૂઝ પોર્ટલ : janfariyanews
વેબ સાઈટ : janfariyadnews

---

## NOG SS No . 0027

વિષયઃ- રામાયણનું કોઈ પાત્ર
પ્રકારઃ- ગધ
શીર્ષકઃ- મહાસતી મંદોદરી

ભારતીય સંસ્કૃતિની અનોખી સુગંધ એનાં વિશિષ્ટ પાત્રો વતી પ્રગટ થાય છે. મયાસુર અને અપ્સરા હેમાની પુત્રી મંદોદરી પણ આવું જ એક વિરલ પાત્ર હતી. લંકેશ રાવણની એ પત્ની હતી પણ, ઢીલી કે કમજોર પત્ની નહોતી.

જે સમયે રાવણ વિરુદ્ધ એક શબ્દ બોલવાની હિંમત મોટાં મોટાં દેવતાઓ પણ નહોતાં કરતાં, અરે પરિવારમાં પણ વિભીષણ, કુંભકર્ણ વગેરે સંકોચ સાથે રજુઆત કરતાં એવા સમયે રાવણને રોકડું પરખાવનારી આ સ્ત્રી ખરેખર મજબૂત મનની નારી હતી.

આપણી સંસ્કૃતિએ મંદોદરીને સીતા, દ્રૌપદીની સમકક્ષ સ્થાન આપ્યું છે. એ રાવણના રાજ્યમાં જીવતી હતી પણ, એનો ધર્મ એણે બખૂબી નિભાવ્યો હતો. જ્યારે રાવણ સીતાનું અપહરણ કરી લાવે છે ત્યારે એ લંકેશને સાફ શબ્દોમાં સંભળાવે છે કે, રાજાનાં કુકર્મનું ફળ સમગ્ર રાજ્યને ભોગવવું પડશે. સીતા સમી પવિત્ર સ્ત્રી ઉપર અધિકાર જમાવવો તમને શોભતો નથી.

મને લાગે છે કે રાવણને સતત આવું કડવું સત્ય સંભળાવી મંદોદરીએ સીતાના માનની રક્ષા કરી હતી. તમે જ્યારે સતત કોઈની ભૂલોને એની નજર સમક્ષ રાખો છો ત્યારે એ વ્યક્તિ પર જબરદસ્ત દબાણ ઉભું થાય છે. દશાનન ઉપર પોતાની પત્નીનું દબાણ કાયમ હતું. મોટાભાગે એવું બનતું કે આખો દિવસ રાજસભામાં રાજાને પ્રશસ્તિ જ સાંભળવા મળતી પણ, ઘરમાં એની રાણી ધર્મને વરેલી હતી. એણે કાયમ ધર્મનો પક્ષ લીધો, સીતાનો પક્ષ લીધો, એકપણ મુલાકાત વગર જેમનાં ગુણો સાંભળ્યાં એ રામનો પક્ષ લીધો. અરે, રાવણ સામે રામની પ્રશંસા કરી છે. કેમકે,એ જાણતી હતી કે ધર્મ રામના પક્ષમાં છે. એ માટે પતિને કડવું સત્ય સંભળાવી દેતી. એ અર્થમાં, એ આદર્શ પત્ની અને આદર્શ મહારાણી બની રહી.

રાવણ વધ અને લંકાનું પતન થાય છે પછી રામ જ્યારે મંદોદરીને વિભીષણ સાથે લગ્ન કરવાનું કહે છે ત્યારે મંદોદરી મનાઈ કરે છે એ યુગમાં એક સામાન્ય બાબત કહેવાતી. એવું પણ કહેવાય છે કે, પાછળથી વિભીષણ સાથે લગ્ન થયાં હતાં. જે હોય તે... મંદોદરી રામાયણ કાળનું સૌથી અનન્ય પાત્ર હતું. એની સત્યનિષ્ઠા, એનો વિવેક, એનો ધર્મ, એનો રાજ્યપ્રેમ, એનો પુત્રપ્રેમ, વહુ સુલોચના પ્રતિ એનો સખીભાવ ( જે આજની આધુનિક સાસુ વહુ વચ્ચે પણ શક્ય નથી.) એ રીતે મંદોદરી રામાયણનું એક શ્રેષ્ઠ પાત્ર સાબિત થાય છે.

જ્યોતિ આચાર્ય,અમદાવાદ

---

## NOG SS No:.0059

વિષય : 'રામાયણનું કોઈ પાત્ર'.
પ્રકાર : ગધ.
શબ્દો : ૩૦૭.
શીર્ષક :'રામાયણમાં ભક્તિ દર્શન'

મારી દ્રષ્ટિએ, રામાયણનાં કોઈ ખાસ પાત્ર અંગે લખવું તે અનાયાસે જે તે પાત્રને અન્યાય કરવાં બરાબર.

મુખ્ય અડતાલીસ પાત્રો, દરેક પાત્રને તેના સમઠાણ, (શરીર)
સમય,સ્થળ અને સંજોગોને આધીન વિવિધતા ભર્યા રોલ ભજવવાના હતાં. દરેકે પોતાનાં શિરે આવેલાં રોલ બહેતરીન રીતે ભજવ્યાં છે.
મારી નજરે, રામાયણનાં દરેક પાત્રે આપણને ઊચ્ચ કોટીની ભક્તિના જરૂર દર્શન કરાવ્યાં છે.આપણે તેઓની ભક્તિને જાણીએ અને માણીએ.
સનાતન ધર્મમાં ઈશ્ર્વર તરફનો આપણો અહોભાવ દર્શાવવા,નવ
પ્રકારની ભકિત બતાવીછે.
નવ પ્રકારઃ શ્રવણ,કીર્તન,સ્મરણ, પાદસેવા,અર્ચના,વંદન,સખ્ખમ, (મિત્રતા), દાસ્યં અને આત્મનિવેદન.(સમર્પણ).

રાજ્યાભિષેકના સમયે જ,રાજા દશરથનો પુત્ર રામને,રાજ્યને બદલે ચૌદ વર્ષના વનવાસનો
આદેશ !
હસ્તા મુખે શ્રીરામનો સ્વીકાર,
પુત્ર રામનો માતા પિતા પ્રત્યેનાં વંદનભાવ સાથે પરિવાર પ્રત્યેના સમર્પણ ભાવનાં દર્શન કરાવેછે.

સતી સીતા,લઘુબંધુલક્ષ્મણનું,રામ સાથે વનવાસ જવું એટલે સતી સીતાજીના પતિ,શ્રીરામ પ્રત્યેનાં
પાદસેવા સાથે,સીતા તથા લક્ષ્મણના સમર્પણ ભાવ સાથે સખ્ખાભાવને ઉજાગર કરેછે.

રામ ભક્ત હનુમાનજીનાં, પ્રભુ રામચંદ્રજી પ્રત્યેનાં દરેક ભાવને
વ્યક્ત કરેછે, સાથે દાસત્વભાવનું બેજોડ ઉદાહરણ બતાવેછે.
પછાત જાતિ, પાકટ ઉંમર, ગરીબી, જંગલમાં રહેતી શબરીનો ભગવાન રામ પ્રત્યેનો અનન્ય આદરભાવ,સમજોને આપણને ભક્તિનાં બધાં ભાવનાં દર્શન કરાવેછે.શબરીના એઠાં બોર ખાઈને, ભગવાન રામ પણ આપણને,ભક્ત-ભગવાન ના સમર્પણ ભાવનુ અદ્ભુત દ્રષ્ટાંત બતાવછે.

ખિસકોલી જેવું નાનું પ્રાણી બંધાતા વિરાટ સેતુમાં પોતાનું અલ્પ રેતી આપવાનું યોગદાન આપી ધન્ય બનેછે, જેમાં તેનાં દાસ્યભાવ દેખાયછે, તો ભગવાન રામચંદ્રજી પણ સ્મરણમાં રહે તેવાં ત્રણ આંગળીના નિશાન કરી તેની સેવાને બિરદાવેછે.

રામાયણનો અનુપમ બોધપાઠ જો જીવનમાં અપનાવીએ તો આપણું જીવન ઘણુંજ આનંદદાયક અને
રોચક બની શકેછે, તે માટે યુવાનોએ વડિલો પ્રત્યેનો વંદનભાવ સાથે પરિવાર પ્રત્યેના સમર્પણ ભાવને અપનાવવો પડશે,

શ્વસુરવાસ, બ્હેનોએ, પરિવારજનોને, પિયરપક્ષ સ્વરૂપે અપનાવી,ઉપરનાં નવ ભાવો સાથે પરિવારની ભકિત શરુ કરવાની સાથે સાથે વડિલોએ,
વિશેષરુપે શ્રવણભાવ સાથે સમર્પણ ભાવે પરિવારને સંભાળવો જરૂરી બનેછે.

ભકિતનો પહેલો શ્રવણભાવ અને છેલ્લો સમર્પણ ભાવ, જો વિશ્વનાં દરેક પરિવાર સમજદારીપૂર્વક અપનાવી લેશે તે દિવસે ઘર ઘરમાં આનંદ અને સુખ સંતોષનું શાસન દીપી ઉઠશે.
ચાલો આપણે સૌ,વધુ સાભંળીએ,વધુ સમજીએ અને ફકત જરૂર પૂરતું બોલી,ઘરને, પરિવારને, સમાજ સાથે વિશ્વને સુખદ શાન્તિનો અનુભવ કરાવવામાં આપણું અમૂલ્ય
યોગદાન આપી ઘોંઘાટનુ પણ પ્રદુષણ ઓછું કરીએ.

જયકાન્ત ઘેલાણી 'પ્યારે'.

---

## NOG SS No:-0011

સાહિત્ય સરિતા
વિષયઃ- 'રામાયણનું કોઈ પણ પાત્ર'
વિભાગઃ- ગધ
પ્રકારઃ- લેખ
શબ્દોઃ- ૨૭૩
શીર્ષકઃ- શ્રી રામ..ત્યાગની મૂર્તિ

રામાયણમાં ત્યાગ એક મહત્વનું પરિબળ પુરવાર થયું છે. જેમના નામ થકી જ દર્દ મટી જાય. આપણી સંસ્કૃતિનાં પાયામાંનું મૂલ્ય ત્યાગ છે. ત્યાગની અભિવ્યક્તિ રામાયણમાં ખૂબ જ શ્રેષ્ઠ પુરવાર થઇ છે.

શ્રી રામે દરેક ભોગનો ત્યાગ કર્યો.લક્ષ્મણે રામની સાથે રાજપાટનો ત્યાગ કર્યો. સીતામાતાએ પત્ની તરીકે પતિના દુઃખમાં સાથે રહેવા રાજમહેલનો ત્યાગ કર્યો. જે એક નારી માટે ત્યાગનાં પ્રતિક બન્યાં.

જ્યારે રાવણ ભોગનું પ્રતિક બન્યો. પોતાની લંકા નગરી સોનાની બનાવી. દરેક જાતનાં ભોગવિલાસની સગવડ કરી. એક પારકી સ્ત્રીને પોતાની રાણી બનાવાની તથા રામ સાથે બદલો લેવાની મહેચ્છા તેનાં નાશનું કારણ બન્યાં.

દશરથ રાજા રામનો વિયોગ સહન કરી શક્યા નહીં. જેને કારણે તેઓ રામ...રામ... કહીને અંત સમયે મૃત્યુ પામ્યાં. કોઈ પણ વસ્તુનો ત્યાગ કરવું ખૂબ કઠિન છે. સંસારમાં બધી મર્યાદા પાળવી ખૂબ અઘરું છે.

હનુમાનની ભક્તિ શ્રીરામ માટે સર્વશ્રેષ્ઠ ભક્તિ છે. શ્રીરામ ભગવાને કેટલાંય રાક્ષસોનો સંહાર કરી તેઓનાં રાજ્યો તેમનાં અનુગામીને સમર્પિત કરી દીધાં.

સુગ્રીવને અન્યાય કરનાર ભાઈ વાલીનો સંહાર કરીને શ્રીરામ સુગ્રીવને રાજસિંહાસન પર બેસાડ્યો. એ જ રીતે લંકાને જીતીને તેની રાજગાદીએ વિભીષણને બેસાડ્યો..

રાવણને કામ અને ભોગની લાલચ હતી. વિજય તો સમર્પણ અને ત્યાગનો થાય છે. અહંકારનો અને આસુરી શક્તિનો હંમેશા પરાજય થાય છે. દેવી શક્તિ પણ ત્યાગની વાત કરતાં હોય છે.

રામ જેવાં જે માણસો સુખ અને સંપત્તિનો ત્યાગ કરી શકે છે. તેમનાં વિચારોને હાલ જે અનુસરે છે. તે માનવ હંમેશા પૂજનીય બની જાય છે.

શ્રીરામને મર્યાદા પુરુષોત્તમની સાથે ત્યાગની મૂર્તિ તરીકે ઓળખવામાં આવે છે કારણ કે જન્મથી માંડીને છેક અંત સુધી કોઈ દિવસ, કોઈ ક્ષણે ભોગવિલાસ, કામ, ક્રોધ, લાલચ, માયા તરફ નજર નથી કરી એ વાતનો ઇતિહાસ સાક્ષી છે.

આવા મર્યાદા પુરુષોત્તમ શ્રીરામને શત્ શત્ વંદન છે. જય શ્રી રામ....

મનોજકુમાર પંચાલ,મન',પાલનપુર.

---

## NOG SS NO. 0031

વિષયઃ-રામાયણના પાત્રો
વિભાગઃ- ગધ
શીર્ષકઃ- મંથરા

રામાયણમાં સૌથી ધિક્કારનું પાત્ર એટલે મંથરા.એણે જ તો રાણી કૈકયીની કાન ભંભેરણી કરી શ્રી રામને ચૌદ વર્ષનો વનવાસ અને ભરતને રાજગાદી આપવાનું વચન રાજા દશરથ પાસેથી લેવા કહ્યું અને કૈકેયીએ તેમ જ કર્યું.રાજા દશરથ પણ વચનથી બંધાયેલ હોવાથી તેમને રામને વનવાસ આપવો પડ્યો.

પરંતુ આમ જોવા જઈએ તો જો મંથરાના કહેવાથી જો કૈકેયીએ રામને વનવાસ ના અપાવ્યો હોત તો સુવર્ણ મૃગ બની આવેલ મારીચ નામના રાક્ષસનો નાશ કેવી રીતે થાત? વર્ષોથી રામનાં દર્શનની રાહ જોતી શબરીનો મેળાપ કઇ રીતે થાત? વીર હનુમાન અને રામની મિત્રતા કેમ થાત? જો રામ વનવાસ ના ગયાં હોત તો સીતાનું અપહરણ રાવણ ક્યારેય પણ ના કરી શકત અને જો એમ ના બનત તો અહંકારી રાવણનો રામના હાથે ક્યારેય પણ વધ ના થાત.

નિયતીને આ બધું રામ પાસે કરાવવું હતું એટલે તો તેણે મંથરાના મનમાં આ વિચારો રોપ્યાં અને કૈકેયી પાસે તેનો અમલ કરાવડાવ્યો.

આમ જોઈએ તો મંથરા રામાયણનું એક મહત્ત્વનું પાત્ર જ ગણાય કારણ કે એ ન હોત તો રામ રાવણનું યુદ્ધ ક્યારેય પણ ના થાત અને અહંકારી રાવણના રાજમાં બધાએ ડરી ડરી રહેવું પડત.

મેઘલ ઉપાધ્યાય 'મેઘુ' રાજકોટ

---

## NOG SS NO :- 0090

પ્રકારઃ પધ
વિષયઃ હનુમાન
શીર્ષકઃ ભક્તની હનુમાનને પ્રાર્થના

ભક્તની હનુમાનને પ્રાર્થના/
દીપક જગતાપ
હે પ્રભુ હનુમાનજી,
તમે તો અજરામર છો
મૃત્યુ તમને અડી શકે નહીં,
એટલે કોરોના તો તમારું કશું જ બગાડી શકે એમ નથી.
તો આ કોરોના વાઈરસને તમારી સામે હાજર કરો
અને યુદ્ધમાં એને હરાવો અને
કોરોનાનું રામ નામ સત્ય કરો.
આ પૃથ્વી લોકમાં કોરોનાથી મરતાં લોકોને બચાવો એ જ આ ભક્તની આપને મારી દિલી પ્રાર્થના છે.

---

## NOG . SS . NO. 0095

વિષય :-- રામાયણનાં પાત્રો
પ્રકાર :-- ગધ
શીર્ષક :-- ' પંચમુખી હનુમાનજી '

આપણને પંચમુખી હનુમાનની પ્રતિમાનાં દર્શન જવલ્લેજ થાય છે. તો ચાલો આજે આપણે આ પંચમુખી હનુમાનજી વિશે જાણીએ. પરમ રામભક્ત શ્રી હનુમાન શક્તિનાં દેવતા પણ છે. પંચમુખી સ્વરૂપનાં હનુમાનજીનાં દર્શનનું પણ વિશેષ મહત્ત્વ છે. ઘરની વિપદાઓ દૂર કરવા માટે હનુમાનજીની પૂજા કરવામાં આવે છે.

પંચમુખી સ્વરૂપી હનુમાનજીની પાછળ પણ એક પૌરાણિક કથા છે. જ્યારે લંકામાં રામ – રાવણની સેનાઓ વચ્ચે ભયંકર યુદ્ધ ચાલતું હતું , ત્યારે રાવણને અચાનક જ પોતાનાં પરાજયનો સમય નજીક દેખાવા લાગ્યો. તેને તરતજ પોતાનો માયાવી ભાઈ આહિરાવણ યાદ આવ્યો. આહિરાવણ દુર્ગામાતાનો પરમ ભક્ત હતો. રાવણની આજ્ઞાથી તે તરત જ યુદ્ધ ભૂમિમાં પહોંચ્યો અને પોતાની માયાવી શક્તિથી તેણે શ્રી રામની સેનાને સૂવડાવી દીધી અને શ્રી રામ – લક્ષ્મણ નું અપહરણ કરીને પાતાળલોકમાં લઈ ગયો.

આહિરાવણની માયાનો પ્રભાવ ઓછો થયા બાદ આખી વાનરસેના જાગી તો એમણે જાણ્યું કે આહિરાવણે જ આ કામ કર્યું હતું. તરતજ તેમણે હનુમાનજીને વિનંતી કરીને કહ્યું કે તમે પાતાળલોકમાંથી શ્રી રામ અને લક્ષ્મણને લઈ આવો.

હનુમાનજી પાતાળલોકમાં ગયા ત્યાં તેમને મુખ્ય દ્વાર પર મકરધ્વજ મળ્યો. હનુમાનજીએ એને યુદ્ધમાં હરાવ્યો અને શ્રી રામ – લક્ષ્મણને બંધક બનાવેલાં જુએ છે. તંત્રશક્તિથી બંધાયેલાં રામ – લક્ષ્મણની આસપાસ પાંચ દીવા બળતાં હતાં અને એનું મુખ પાંચ અલગ અલગ દિશામાં હતું. જે દુર્ગામાતા માટે પ્રગટાવ્યા હતાં. એમને યાદ આવ્યું કે એકવાર વિભીષણે એમને કહ્યું હતું કે આ પાંચ દીવાઓને એકસાથે બુઝાવવાથી આહિરાવણનું મૃત્યુ થશે.

હનુમાનજીએ તરતજ પંચમુખી રૂપ ધારણ કર્યું. ઉત્તરમાં વરાહમુખ , દક્ષિણમાં નરસિંહરૂપ , પશ્ચિમમાં ગરુડમુખ , આકાશ તરફ હયગ્રીવ મુખ, અને પૂર્વ દિશામાં હનુમાન મુખ. પછી એકસાથે પાંચેય દીપકને બુઝાવી દીધાં અને આહિરાવણનું મૃત્યુ થયું.શ્રી રામ અને લક્ષ્મણ તેનાં બંધનમાંથી મુક્ત થયાં . ત્યારથી હનુમાનજીનું આ પંચમુખી સ્વરૂપ પ્રખ્યાત થયું હતું. આજે પણ જો કોઈ વિશેષ પરિસ્થિતિ ઊભી થઇ હોય તો પંચમુખી હનુમાનજીનું સ્મરણ કરવાથી ગમે તેવાં સંકટમાંથી મુક્તિ મળે છે

દીપિકા ચાવડા. ' તાપસી '.

# કોરોણોત્સવ કે વાયબ્રન્ટ - કોરોના -સમિટ ઉજવીએ

તમે રાતોરાત ઉભા પાક વાઢી ને હેલિપેડ બનતાં જોયાં હશે ..

કોઈ સરકારી કાર્યક્રમ હોય તો એસ.પી.

આઇ.એસ. સહિત ના કાફલા સાથે કેટલીય ગાડીઓ આમ થી તેમ રોડ રસ્તા ઉપર દોડતા જોઈ હશે ..

અરે , યાદ છે વાયબ્રન્ટ ગુજરાત , સ્વર્ણિમ ગુજરાત વખતે અમદાવાદ એરપોર્ટ ઉપર પ્લેન્સ ના ઢગલા હોય અને બહાર પ્રાઇવેટ ટ્રાવેલ્સ પાસે થી મોંઘા ભાડાપટ્ટે લીધેલી મર્સિડીઝ બી.એમ. જેવી ગાડીઓ જોઈ હશે ,

રાતોરાત રોડ બની જાય ,

ગટરો પુરાઈ જાય ,

ઝુપડપટ્ટી ઓ ની સામે દીવાલો ઊભી કરવા સરકારી એન્જીનીયરો અને મેયર પોતે રોડ ઉપર ઊભા હોય ,

અરે .. સરકારી નર્સરી માંથી રોડ ઉપર કુંડા મુકાઈ જતાં હોય છે અને આખે આખ્ખા મોટા ઝાડ શિફ્ટ થઈ જતાં હોય છે .. સરકારી તંત્ર કામે લાગે એટલે એક રાત કે એક બે દિવસ માં બધું ઉભુ થઈ જતું હોય છે

હમણાં સાહેબ આવતાં જ નથી તો તમારી ફાઈલ આગળ નઈ વધે

સહી નઈ થાય. કેમ કે બધાં વાયબ્રન્ટ માં પડ્યા છે ને .. ! રાતોરાત તમારા રણ ઉત્સવો માટે ઉજ્જડ એવા ખારાઘોડા ના કે ધોરડો જેવા છેડા ના રણ વિસ્તારો માં કે જ્યાં પીવાનું પાણી કે રસ્તા નહોય ત્યાં તમે રાતોરાત એસી વાળા ટેંટ્સ અમુક દિવસો માં ઉભા કરી ને ૫૦૦૦ કે ૧૦,૦૦૦ પબ્લિક નું બુકિંગ લઈ લેતા જોયું હશે ..

તો એ ટેન્ટસ અત્યારે ખુલ્લા મેદાનો માં લગાડી શકાય,

હેં સાહેબ ! તમારી બહેનો દીકરીઓ ને ફૂટપાથ ઉપર સૂવું ના પડે

જીંગપિંગ વખતે અડધું શહેર બંધ કરી દઈ ને લગભગ આખા શહેર ની પોલીસ ખડે પગે હતી ..

ટ્રંપ વખતે ફૂટપાથ ઉપર રાતોરાત ઊભા કરેલા પેલા લાકડા ના સ્ટેજ ઉપર ગાદલાં નાખેલા જોયા હશે ..

તો એ અત્યારે પેલા કોરોના પેશન્ટ ને સિવિલ ની બહાર સુવા માટે મળે હેં સાહેબ ?? લગાડી આપો ને , પ્લીઝ ..

આજે તો બધી બસો રેલી માં લોકો ને ગામેગામ થી લઇ જવામાં મુકાઈ છે તો બસ નઈ મળે એવું જોયું હશે તો એ બધી બસો ને અત્યારે ગામડાઓ શહેરો માંથી પેશન્ટો ને લાવવા લઈ જવા મૂકો ને સાહેબ ,

પેલાં તમારી ચૂંટણીઓ વખતે ફલાણાં રથ ને ઢિકણા રથ ગામેગામ ફેરવતાં ,

તો અત્યારે એવા રથો માં જરૂરી દવાઓ અને માસ્ક મફત માં ગામેગામ પોહચાડો ને .. ચલો ,

એ રથો ના પેટ્રોલ ડીઝલ પેટે નજીવી કિંમત લઈ લેજો ને દવાઓ માસ્ક આપજો .. છે શક્ય એવા રથો ગામેગામ ફેરવવા નું

હેં સાહેબ .. ! કેમ ટાટા કે ડી.આર. ડી.ઓ ની રાહ જોવી ?! ગાંધીનગર હેલી પેડ માં ડોમ તૈયાર જ છે , ૨ દિવસ માં ખાટલા મૂકી ને દવાઓ તો ચાલુ કરી ઘો ને તો ૧૦૮ નું ૫૦ કલાક સુધી નું વેઇટિંગ જ ખતમ થઈ જશે સાહેબ ,

ટાટા ઓકિસજન ની વ્યવસ્થા કરશે ત્યારે ઓકસીજન પણ મળી જશે .. પણ,

અત્યારે લોકો માત્ર વેન્ટિલેટર વગર ના બેડ માટે રસ્તે રઝળતાં તો બંધ થઈ જશે ..

માત્ર ખાટલા મૂકવા માટે ટાટા ની રાહ કેમ ! કેમકે ડી.આર. ડી. ઓ. એ બનાવેલા ધન્વંતરિ માં પણ ૯૦૦ બેડ વચ્ચે વેઢે ગણાય એટલા જ વેન્ટિલેર ઓકિસજન સાથે ના બેડ છે ..

બાકી ના તો એમ જ છે ને સાહેબ ,

તો ગાંધીનગર હેલિપેડ માં માત્ર બેડ ની જ વ્યવસ્થા ઊભી કરવા માં વાર કેટલી ?! ચલો ,

વાયબ્રન્ટ કોરોના નો ઉત્સવ મનાવી એ .. એ જ મહાત્મા મંદિર ના બે મોટા હોલ માં ખાટલા મૂકતાં કેટલી વાર .. ??

એ તો પાછા એસી વાળા પણ છે ને સાહેબ !

તો આ ગરમી માં કોરોના ના દર્દીઓ માટે ખાલી બપોરે બપોરે થોડીક વાર ચાલુ કરજો ને સાહેબ,પ્લીઝ ! .. લગાડી ઘો એ જ સો - સો બસ્સો - બસ્સો ઇનોવા ગાડીઓ ને ઓકિસજન ભરવા માટે ની ટ્રીપો ઉપર , જેથી તમારી ગુજરાતી ની જનતા ને ઓકિસજન ના બટલાં ભરાવવા રઝળવું ના પડે , સાહેબ ..

ચલો ને સાહેબ ,

કોરોણોત્સવ કે વાયબ્રન્ટ કોરોના સમિટ ઉજવીએ




સૌને જલ્દી માફ કરી દેજો
દિલને હવે સાફ કરી દેજો
સૌને જલ્દી માફ કરી દેજો
કાળ કોને ક્યારે આંબી જશે
હોય વેર તો કાપ કરી દેજો
હું,તમે,એ અને કોઈપણની
જીવરક્ષાનો જાપ કરી દેજો
રોષ,અબોલા સૌને ઘા કરીને
શત્રુતાને શટઅપ કરી દેજો
શ્વાસનો વિશ્વાસ નથી હવે
ખૂલ્લીને બસ લાફ કરી દેજો

-મિત્તલ ખેતાણી(રાજકોટ,ર.૯૮૨૪૨૨૧૯૯૯)નાં કાવ્ય સંગ્રહ 'શબ્દ ઘેર આનંદ ભયો'માં થી઼.

# ગુજરાતની તમામ ગૌશાળા–પાંજરાપોળોને કોરોના મહામારી–મંદીને ધ્યાને લઈને દૈનિક કાયમી સબસીડી આપવા અંગેની માંગ કરતા સમસ્ત મહાજનના ગીરીશભાઈ શાહ

ગુજરાતના જીવદયાપ્રેમી મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીને કોરોના વાયરસ સંક્રમણને કારણે સર્જાયેલી સ્થિતિમાં રાજયના મૂંગા–અબોલ પશુજીવોને ઘાસચારો પશુ–આહાર મેળવવામાં મુશ્કેલી ન પડે તેવી સંવેદના સાથે રાજયની રજીસ્ટર્ડ તમામ ગૌશાળા, પાંજરાપોળોના આશરે ૪ લાખ જેટલા પશુઓ માટે રાજય સરકાર દ્વારા પશુદીઠ, રોજની મિનિમમ ૫૦ રૂા. લેખે કાયમી સબસીડી જાહેર કરવામાં આવે તેવી માંગણી સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી ગીરીશભાઈ શાહ દ્વારા કરવામાં આવી છે.

ગત વર્ષે કોરોનાકાળમાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીની સંવેદનશીલ સરકાર દ્વારા અવાર–નવાર રાજયની



તમામ ગૌશાળા પાંજરાપોળો સબસીડી આપીને જીવદયાનું એક ઉતમ ઉદાહરણ પાડયું છે. જીવદયાના અનેકો કાર્યો વખતો વખત રાજય સરકાર દ્વારા કરવામાં આવ્યા છે.

કોરાના મહામારીએ અત્યારના સંજોગોમાં ભયંકર રૂપ ધારણ કર્યું છે ત્યારે પાંજરાપોળ ગૌશાળાઓનાં પશુધનનું ભરણપોષણ નાના મોટા મહાજન, વેપારી, ઉદ્યોગપતિઓ દ્વારા અપાતા દાન પરથી નિભાવ થતો હોય છે. એક તરફ સમગ્ર વિશ્વમાં મંદીનો માહોલ હતો જ અને ઓછામાં વધુ મહામારી જેવા રોગે ધંધા–રોજગારની કમર તોડી નાખી છે. ત્યારે પશુધનને નિભાવવા માટે રોજ મિનિમમ રૂા. ૧૦૦નો ખર્ચ થતો હોય છે અને પાંજરાપોળ ગૌશાળાઓમાં કામ કરતા પરીવારોને પગાર, અન્ય ખર્ચા, મોંઘાભાવે મળતા ખાણદાનથી સંસ્થાઓનાં પણ હાલ બેહાલ થયા છે.તેને ધ્યાનમાં રાખી સરકાર સહાનુભૂતિપૂર્વક વિચારીને ગુજરાતની તમામ ગૌશાળા–પાંજરાપોળોને મિનિમમ ૫૦ રૂા. દૈનિક, કાયમી સબસીડી જાહેર કરે તો અબોલ જીવો માટે આશીર્વાદરૂપ સાબીત થશે.

## શામળાજી પોલીસ અને એસઓજી ટીમનું સંયુક્ત ઓપરેશન

# શામળાજી નજીક ટેમ્પો ટ્રાવેલરમાંથી ૩૫.૮૬ લાખ ચરસનો જથ્થો ઝડપાયો

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

શામળાજી રતનપુર ચેકપોસ્ટ બુટલેગરો માટે સ્વર્ગ સમાન છે વર્ષે દહાડે કરોડો રૂપિયાનો વિદેશી દારૂ બુટલેગરો ગુજરાતમાં ઠાલવી રહ્યા છે અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે.નં-૮ હવે માદક પદાર્થો ઘુસાડવા પણ સેફ હેવન હોય તેમ કાશ્મીર થી મોટા પ્રમાણમાં ચરસનો જથ્થો ઠાલવવા માટે ઉપયોગ થવા લગતા નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોના અધિકારીઓના પણ આંટાફેરા વધી ગયા છે . શામળાજી પોલીસ અને એસઓજી પોલીસે અણસોલ ગામની સીમમાંથી બાતમીના આધારે કાશ્મીર થી વાયા રાજસ્થાન થઈ ગુજરાતમાં ટેમ્પો ટ્રાવેલરના ગુપ્ત ખાનામાં સંતાડીને લવાતો ૨૩.૯૦૭ કી.ગ્રામનો ૩૫.૮૬ લાખથી વધુ રૂપિયાનો કાશ્મીરી ચરસનો જથ્થો ઝડપી પાડી ટેમ્પો ટ્રાવેલર ચાલકની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી ટેમ્પો ટ્રાવેલરમાં છુપાવેલ ચરસનો જથ્થો અમદાવાદમાં કોઈ ડીલરને આપવાનો હોવાનું રટણ ટેમ્પો ટ્રાવેલર ચાલક કરી રહ્યો છે



બુધવારે રાત્રે શામળાજી પોલીસ અને એસઓજી પોલીસની ટીમે બાતમીના આધારે રતનપુર ચેકપોસ્ટ નજીક ઠેર ઠેર નાકાબંધી અને પેટ્રોલિંગ હાથધરી રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ હાથધરી બાતમી આધારિત ટેમ્પો ટ્રાવેલર (ગાડી.નં.HR 69 D 3532 )ને અટકાવી તલાસી લેતા ટેમ્પો ટ્રાવેલરના ઉપરના ભાગના ગુપ્ત ખાનામાં સંતાડેલ પ્લાસ્ટિકની ટેપ વીટાળેલ પ્લાસ્ટિકના પેકેટ કાશ્મીરી ચરસના પેકેટ મળી આવ્યા હતા જેનો કુલ વજન ૨૩.૯૦૭ કી.ગ્રામ કી.રૂ.૩૫૮૫૦૫૦ /- ના જથ્થા સાથે કરણ ઉર્ફે કન્નુ પ્રહલાદસીગ શર્મા (રહે, સંતનગર દિલ્હી)ની ધરપકડ કરી ટેમ્પો ટ્રાવેલર,મોબાઈલ,રોકડ રકમ મળી કુલ રૂ.૪૫૯૬૩૫૦/- નો મુદ્દામાલ જપ્ત કરી ટ્રાવેલર ચાલક અને ગુન્હામાં સંડોવાયેલ શખ્શો સામે ધી નાર્કોટિક્સ ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોફિક સબસ્ટન્સીસ એક્ટ મુજબ ગુન્હો નોંધી ઝડપાયેલા શખ્શને જેલના સળિયા પાછળ ધકેલી દઈ કાશ્મીરી ચરસ ભરી આપનાર અને ડીલેવરી મેળવનાર ડ્રગ માફિયાઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

શામળાજી પોલીસ અને એસઓજીની સંયુક્ત ઓપરેશનમાં કારમાંથી ઝડપાયેલ ૩૫.૮૬ લાખનો જથ્થો ગુજરાતમાં કોને પહોંચાડવાનો હતો અને ગુજરાતમાં યુવાનોને નશાના રવાડે ચઢાવી નશાનો કાળો કારોબાર ચલાવનાર રેકેટનો પર્દાફાશ કરવા મથામણમાં લાગી હોવાની માહિતી પોલીસ સૂત્રો પાસેથી મળી હતી

# માણાવદર નગરપાલિકાના ટાઉનહોલ ખાતે વેપારીઓની મિટિંગ મળી

કોરોના મહામારી ના સંક્રમણને અટકાવવાના પગલાં લેવા સંબંધે આજરોજ માણાવદર નગર પાલિકાના ટાઉન હોલ ખાતે મીટીંગ મળેલ નગરપાલિકાના પ્રમુખશ્રી, ઉપપ્રમુખ શ્રી ,મામલતદાર શ્રી, ચીફ ઓફિસર વેપારી એસોસીએશન ના પ્રમુખો અને અગ્રણી વેપારીઓ હાજર રહેલ અને સર્વાનુમતે નિર્ણય કરવામાં આવેલ છે કે

આગામી બે અઠવાડિયા સુધી અગાઉની જેમ જ મંગળ બુધ અને ગુરુવારના રોજ સમગ્ર શહેરમાં lockdown અને શુક્રવારથી સોમવાર સુધી તમામ દુકાનો અને વેપાર ધંધા ચાલુ રાખવાનું નક્કી કરવામાં આવેલ છે તેમજ lockdown ના સમય દરમિયાન દવાખાના મેડિકલ સ્ટોર અનાજ દળવાની ઘંટી દૂધની ડેરીઓ ખુલ્લી રાખવાનું નક્કી કરવામાં આવેલ છે તો શહેરના તમામ વેપારીઓ અને શહેરીજનોને સહકાર આપવા નમ્ર અપીલ છે

અહેવાલ -જીગ્નેશ પટેલ માણાવદર

# શિહોરી થરા માં lockdown ના ત્રીજા દિવસે પણ ચુસ્ત પણે પાલન..

કાંકરેજ તાલુકાના મુખ્ય મથક શિહોરી ગ્રામ પંચાયત દ્વારા પાંચ દિવસનો lockdown જાહેર કરાયું હતું. થરા ના વેપારીઓ દ્વારા નગરપાલિકાની મીટીગમાં સ્વયંભૂ લોક ડાઉનલોડ નો નિર્ણય લીધો હતો... જેમાં મેડિકલ દવાખાના દૂધ શાકભાજી ની આવશ્યક સેવાઓજ રહેશે ચાલુ... પદિવસ ના લોકડાઉન માં આજે ત્રીજા દિવસે પણ બજારોમાં ચુસ્ત પાલન જોવા મળ્યું હતું... કોવિડના નિયમનું ચુસ્તપણે પાલન કરવાની આપવામાં આવી સૂચના... લોકોને માસ્ક અને સોસીયલ ડિસ્ટ્સનું પાલન કરવા કરાઈ સે અપીલ.. સરકારી ગાઈડ લાઈન નું પાલન ના કરતાં લોકો સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે, માસ્ક પહેર્યા વગર અને વધું પેસેન્જર ભરી જતાં વાહન ચાલકો પાસે થી થરા પોલીસ દ્વારા દંડ વસૂલ કરવામાં આવ્યો હતો..

રિપોર્ટર:- કનુજી ઠાકોર કાંકરેજ બનાસકાંઠા)

## કાંકરેજ covid-19 હોસ્પિટલમાં જરૂરિયાત સુવિધાઓ પૂરી કરવા

# મામલતદારને જિલ્લા પંચાયતના ઉપ પ્રમુખ અને સદસ્યએ આવેદનપત્ર આપ્યું..

કાંકરેજ શિહોરી મામલતદાર એમ.ટી રાજપૂત ને જિલ્લા પંચાયતના ઉપ પ્રમુખ અને સદસ્યએ આવેદનપત્ર આપીને રજૂઆત કરી હતી. આ કોરોના મહામારી થી પીડાતી ગરીબ પ્રજા સારવાર વગર મરી રહી છે કોલોને બેડ મળતાં નથી ઓક્સિજન ના બાટલા મળતાં નથી વેન્ટિલેટર પણ મળતું નથી તે માટે તાત્કાલિક ના ધોરણે કાંકરેજ કોવિડ હોસ્પિટલોમાં રેમડેસીવિર ઇન્જેક્શન, ઓક્સિજન નો જથ્થો વેન્ટિલેટર અને પૂરતા પ્રમાણમાં બેડની વ્યવસ્થા કરવામાં આવે એવી માંગ કરી હતી. કાંકરેજ તાલુકામાં વધતા જતા સંક્રમણ વચ્ચે વેન્ટિલેટર ઉપલબ્ધ કરવા કોવિડ હોસ્પિટલમાં આરોગ્ય કર્મીઓની અછત વચ્ચે વોલિટીયર નિમવાની માંગ આ તમામ સુવિધાઓ તાત્કાલિક ધોરણે પૂરી કરવામાં આવે. નહિતર જીલ્લા કલેકટર ને રજૂઆત કરવામાં આવ સે આ બધીજ માંગ સાથે આજે જીલ્લા પંચાયત ઉપ પ્રમુખ ભૂપતજી મકવાણા, જીલ્લા પંચાયત સદસ્ય પૂરણસિંહ જે. વાઘેલા એ લેખિત માં મામલતદાર ને રજૂઆત કરી હતી.રિપોર્ટર:- કનુજી ઠાકોર બનાસકાંઠા)






## કોરોના કાળમાં ભાજપના યુવા કાર્યકરોએ કર્યું રકતદાન

# રાજપીપળામાં આવેલ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીની પ્રદેશ ભાજપ મહામંત્રી પ્રદિપસિંહજ વાઘેલાએ લીધી મુલાકાત



રાજપીપલા:- તા ૨૯

પ્રદેશ ભાજપ મહામંત્રી આજે પ્રદિપસિંહ વાઘેલા રાજપીપળાની મુલાકાતે આવ્યા હતા તેઓએ સૌ પ્રથમ રાજપીપળા માં આવેલ ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી સંચાલિત બ્લડ બેંક ની મુલાકાતલીધી હતી. અને ભાજપના યુવા કાર્યકરો ને રકતદાન માટે પ્રોત્સાહિત કર્યા હતા યુવા નગરપાલિકા કોર્પોરેટર ગિરિરાજ ખેર સાથે અન્ય યુવાનોએ અહી રકતદાન કર્યું હતું.બીજેપી જીલ્લા પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલ ,નિલભાઈ રાવ , અજિત ભાઈ પરીખ , રાજેન્દ્રભાઈ પટેલ તથા રેડ ક્રોસ રાજપીપળા ના વાઈસ ચેરમેન ડૉ.દર્શનાબેન દેશમુખ તથા સભ્ય જયેશભાઇ દોશી એ પ્રદીપસિંહ ને આવકાર્યા હતા.ત્યારે બાદ તેઓ એ કૉવિડ હોસ્પિટલ રાજપીપળા ની મુલાકાત લીધી હતી અને ડૉક્ટર તથા સ્ટાફ સાથે મુલાકાત કરી હોસ્પિટલ માં સારવાર લેતા દર્દી અને તેમના સગા ને કોઈ જાત ની તકલીફ નથી પડતી તે અંગે જાણકારી મેળવી લોકો ની મુલાકાત લીધી હતી અને આશ્વાશન આપ્યું હતું કે કઈ પણ તકલીફ હોય તો તરત બીજેપી કાર્યકર્તાઓ નો સંપર્ક કરે તેમની સમસ્યાનું નિરાકરણ લાવવાની કોશિશ કરશે, તેઓ એ દર્દી ને ઓક્સીજન કે દવા ની તકલીફ નથી પડતી તેની પણ જાણકારી તંત્ર પાસે થી લીધી હતી

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

# સાવન કૃપાલ રૂહાની મિશન સત્સંગ સેન્ટરને ૧૦૦૦ બેડવાળા કોવિડ કેર સેન્ટરમાં રૂપાંતરિત કરવામાં આવશે





દિલ્હીના આરોગ્ય પ્રધાન શ્રી સત્યેન્દ્ર જૈન અને અન્ય વરિષ્ઠ અધિકારીઓએ આધ્યાત્મિક સંગઠન સાવન કૃપાલ રુહાની મિશનના સત્સંગ કેન્દ્ર, કૃપાલ આશ્રમ - ઈબ્રાહિમપુરમાં સંત દર્શન સિંહજી ધામને ૧,૦૦૦ બેડના કોવિડ કેર સેન્ટરમાં ફેરવવાનો નિર્ણય લીધો છે. રાજધાનીમાં કોવિડ -૧૯ કેસની તીવ્ર વૃદ્ધિને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો છે. તેના આધ્યાત્મિક વડા એચ. એચ. સંત રાજીન્દર સિંહજી મહારાજની અપાર કૃપાથી, સાવન કૃપાલ રૂહાની મિશન, દિલ્હી, વૈશ્વિક આરોગ્ય રોગચાળો સામે લડવા અને માનવતાની સેવા આપવા માટે ઘણા લોકો સુધી પહોંચે છે.

સાવન કૃપાલ રુહાની મિશન ના પ્રવક્તાએ જણાવ્યું હતું કે શ્રી સત્યેન્દ્ર જૈન સાથે બુરારી ના ધારાસભ્ય શ્રી સંજીવ ઝા, બુરારીના કૃપાલ આશ્રમ - સંત દર્શન સિંહજી ધામની મુલાકાત લીધી હતી અને સ્થળ પર ૧૦૦૦ બેડની કોવિડ કેર સેન્ટર સુવિધા માટે તેમની સંમતિ આપી હતી. આ સેવા થી મુશ્કેલીની આ ઘડીમાં ઘણાને રાહતનો શ્વાસ. કોવિડ કેર સેન્ટર ટૂંક સમયમાં કાર્યરત થઈ જશે. આ પ્રસંગે વોર્ડ નંબર ૬ અને ૭ ના વરિષ્ઠ અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

ગયા વર્ષે, વિશ્વ શાંતિ અને માનવ એકતાને સમર્પિત વૈશ્વિક બિન-લાભકારી સંસ્થા, સાવન કૃપાલ રૂહાની મિશન, બેઘર લોકોને લંગર (સમુદાય આહાર), જરૂરી પુરવઠો અને ખાદ્ય પેકેટનું વિતરણ કરવા, ભારતભરમાં તેના ૩૦૦ વત્તા કેન્દ્રો દ્વારા અથાક મહેનત કરી હતી. જરૂરિયાતમંદ સ્થાનિક / જિલ્લા વહીવટી તંત્ર ની પરવાનગીથી વિતરણ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

સંત રાજિંદર સિંહજી મહારાજ ની અધ્યક્ષતાવાળી સાવન કૃપાલ રૂહાની મિશન માનવતાની સેવા માટે કટિબદ્ધ છે અને કુદરતી આફતો અને મુશ્કેલીઓના સમયમાં સમાજને મદદ અને ઉત્થાન માટે હંમેશાં મોખરે છે.

# સાધના અને ધર્માચરણ કરવાથી જ આપણે વૈશ્વિક સંકટોનો સામનો કરી શકીએ ! - સદ્ગુરુ નંદકુમાર જાધવ

કોરોના મહામારી જ નહી, જ?યારે અન્ય નૈસર્ગિક અથવા માનવ નિર્મિત આપત્તિ નિર્માણ થવા પાછળ આઘ?યા?મિક દૃષ્ટિકોણ દ્વારા અધર્માચરણ (ધર્મગ્લાનિ) કારણીભૂત હોય છે. પૃથ?વી પર રજ-તમનું પ્રમાણ વધે કે આધ્યાત્મિક પ્રદૂષણ વધે છે. તેનું દુષ?પરિણામ સંપૂર્ણ સમાજને ભોગવવું પડે છે. આવા સમયે ઘણીવાર સૂકા ભેગું લીલું પણ બળે છે. 'ન મે ભક્ત: પ્રણશ્યતિ ?' અર્થાત્ 'મારા ભક્તનો કદીપણ નાશ થતો નથી', એવું ભગવાને ગીતામાં કહી રાખ?યું છે; તેથી આપણે સાધના કરીને ઈશ્વરના ભક્ત થવું જોઈએ. પ્રત્યેક જણ જો સાધના અને ધર્માચરણ કરે, તો આપણે વૈશ્વિક સંકટોનો સામનો કરી શકીએ છીએ, એવું પ્રતિપાદન સનાતન સંસ?થાના ધર્મપ્રચારક સદ્?ગુરુ નંદકુમાર જાધવે કર્યું. હિંદુ જનજાગૃતિ સમિતિ વતી આયોજિત 'કોરોના વૈશ?વિક મહામારી : મનને સ?થિર કેવી રીતે કરવું ?' આ ઑનલાઈન વિશેષ પરિસંવાદમાં તેઓ બોલી રહ્યા હતા. આ કાર્યક્રમ 'ફેસબુક' અને 'યુ-ટ્યૂબ'ના માધ?યમો દ્વારા ૧૨,૯૫૬ લોકોએ નિહાળ્યો.

સદ્ગુરુ નંદકુમાર જાધવે ઉમેર્યું, ''આજે કોરોના કાળમાં રુગ?ણોની મોટા પ્રમાણમાં વૃદ્ધિ થઈ રહી છે. રુણાલયમાં ખાટલા (બેડ્સ), ઈંજેક?શન અને ઑક્સિજન મળતા નથી. સર્વત્ર વિદારક સ?થિતિ છે. આ વિશે વૃત્તવાહિનીઓ પર નિરંતર બતાવવામાં આવી રહેલા સમાચારોને કારણે સમાજમાં ભયનું વાતાવરણ નિર્માણ થયું છે. મોટાભાગના લોકો તણાવ અનુભવી રહ્યા છે. આવા સમયે જો આપણે સાધના કરીએ, તો આપણામાંનું આત્મબળ વૃદ્ધિંગત થઈને આપણે સ?થિર રહી શકીએ. તે માટે પ્રત?યેકે આજે જ સાધનાનો પ્રારંભ કરવો જોઈએ.''

હરિયાણા ખાતેના વૈદ્ય ભૂપેશ શર્માએ કહ્યું કે, હજારો વર્ષ પહેલાં મહર્ષિ ચરકે આયુર્વેદમાં લખી રાખ?યું છે કે, અપેક્ષા કરવાથી દુ:ખ થાય છે અને દુ:ખને કારણે રોગ થાય છે. વિદેશમાં ચર્મરોગ પરના અભ્યાસ દરમ્યાન એવું ધ?યાનમાં આવ્યું કે માનસિક ત્રાસને કારણે રોગ સાજા થવામાં વધારે સમયગાળો લાગે છે. તેથી પ્રત?યેક રોગ પર શારીરિક ઉપચાર સાથે જ માનસિક અને આધ?યાત?મિક ઉપચાર કરવા જોઈએ. આ માટે પ્રત્યેકે પશ્ચિમી જીવનપદ્ધતિ ત્યજી દઈને ભારતીય જીવનપદ્ધતિ ભણી વળવુ જોઈએ. પ્રતિદિન યોગાસનો, પ્રાણાયામ, વ્યાયામ સાથે જ યોગ?ય આહાર, નિદ્રા, વિહાર કરવાથી આપણને તેનો શારીરિક, માનસિક અને આધ?યાત?મિક સ?તર પર સારી રીતે લાભ થાય છે.

આ સમયે બોલતી વેળાએ હિંદુ જનજાગૃતિ સમિતિના મધ્ય પ્રદેશ અને રાજસ્થાન રાજ?યોના સમન?વયક શ્રી. આનંદ જાખોટિયાએ કહ્યું કે, જાપાનમાં કોરોના કાળમાં આત?મહત્યાઓનું પ્રમાણ વધ્યું છે. ભારતમાં પણ તેવી જ સ?થિતિ છે. નિરંતર વધનારો તણાવ એ તેનું કારણ છે. તેથી શારીરિક ઉપચાર કરતી વેળાએ પ્રત?યેકે મનોબળ વધારવું જોઈએ. એ માટે અનેક વર્ષ સંશોધન કરીને સનાતન સંસ?થાના સંસ?થાપક તેમજ આંતરરાષ્ટ્રીય કીર્તિના માનસોપચારતજ?જ્ઞ પરાત?પર ગુરુ ડૉ. જયંત બાળજી આઠવલેજીએ અભિનવ ઉપચારપદ્ધતિ શોધી કાઢી છે. મનને સકારાત?મક ઊર્જા પ્રદાન કરનારી સ્વયંસૂચનાની ઉપચાર પદ્ધતિને કારણે હજારો લોકો તણાવમુક્ત બન્યા છે. આ સ્વયંસૂચના પ્રત?યેક કુટુંબ જો પોતાની દિનચર્યામાં સમાવી લે તો સંપૂર્ણ સમાજને તેનો લાભ થઈ શકે છે.

## જિલ્લા વિકાસ અધિકારી નર્મદાએ જિલ્લા શિક્ષણાધિકારી ને આદેશ કર્યો..

# કોરોનાના વધતા જતા કેસોને ધ્યાને લઈ નર્મદા જિલ્લાની દરેક પ્રાથમિક શાળામાં covid કેર સેન્ટર શરૂ કરવાનો આદેશ થયો

રાજપીપલા, તા૨૮

નર્મદા જિલ્લામા કોરોનાના વધતા જતા કેસોને ધ્યાને લઈ નર્મદા જિલ્લાની દરેક પ્રાથમિક શાળામાં કોવિદ કેર સેન્ટર શરૂ કરવાનો આદેશ કરાયો છે. જિલ્લા વિકાસ અધિકારી નર્મદાએ જિલ્લા શિક્ષણાધિકારી ને આદેશ કર્યોછે. જે અનુસંધાને જિલ્લા શિક્ષણાધિકારી નર્મદાએ પણ દરેક શાળાઓને તમામ સ્ટેનબાય સાથે તૈયારીઓ રાખવાપરિપત્ર કરી આદેશ કર્યો છે. જેમાં સ્કૂલો માતૈયાર કરેલ સેન્ટર ના સીઆરસી મારફત ફોટા અને માહિતી રજુ કરવા જણાવતા કેટલીકશાળાઓએ આ કામગીરી શરુ કરી દીધી છે. જેમાં શાળાના ઉપલબ્ધ ઓરડા ના ૫૦% ઓરડામાં આ સુવિધા ઊભી કરવા જણાવ્યું છે

આવા સેન્ટરોમાં શાળામાં સેનીટાઇઝર અને માસ્ક ઉપલબ્ધ રાખવા., દરેક ઓરડામાં પીવાના પાણીની સુવિધા એટલે કે પાણીનો જગ અથવા નળ વાળું માટલું અને ગ્લાસ મુકવા., દરેક ઓરડામાં બે પથારી વચ્ચે ત્રણ ફૂટનું અંતર રહે એ રીતે વધુમાં વધુ જેટલી થાય એટલી પથારી તૈયાર કરવાનીજવાબદારી સોંપી છે. જેમાં દરેક પથારી દીઠ એક ગાદલુ, ચાદર, ઓશીકુ અને ઓઢવા માટે ચારસો રાખવાજણાવ્યું છે .એ ઉપરાંત શાળાના સેનિટેશન સ્વચ્છ અને ઉપયોગમાં લઈ શકાય એવી હાલતમાં રાખવા તથા પુરુષ અને સ્ત્રી માટે અલગ સેનિટેશન નો નિર્દેશ દર્શાવતા બોર્ડ તૈયાર કરી લગાવવા તેમજ મહિલાઓ અને પુરુષો માટે અલગ બાથરૂમ ની સુવિધા કરવા આદેશ કરાયો છે

આ વૈશ્વિક મહામારી માં સૌ સાથે મળી તેમાંથી વહેલી તકે લોકો બહાર આવે એ માટેઅને આરોગ્ય વિભાગને સહકાર આપવાની સામાજિક ફરજ અદા કરવા અનુરોધ કરતા શિક્ષકો આચાર્યો આ કામગીરી મા જોડાઈ ગયા છે.



તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપલા

## રાજપીપલાની કોવિડ હોસ્પિટલમાંથી ૪૩ દરદીઓને આજે રજા અપાઇ

# નર્મદા જિલ્લામાં આજે RTPCR ટેસ્ટમાં વધુ ૨૮ અને એન્ટીજન ટેસ્ટમાં ૧૦ સહિત કુલ-૩૮ પોઝિટિવ કેસ નોંધાયા

રાજપીપલાતા૨૮

ઝ઼ૈંઢ-૧૯ મહામારીને અનુલક્ષીને નર્મદા જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગના એપીડેમીક મેડિકલ ઓફિસર ડૉ. આર.એસ.કશ્યપ તરફથી આજે પ્રાપ્ત થયેલી જાણકારી મુજબ કોરોના વાયરસના જિલ્લામાં આજે RTPCR ટેસ્ટમાં વધુ ૨૮ અને એન્ટીજન (રેપિડ) ટેસ્ટમાં ૧૦ સહિત કુલ-૩૮ પોઝિટિવ કેસ નોંધાયા છે.



રાજપીપલાની કોવિડ હોસ્પિટલમાંથી સાજા થયેલા ૪૩ દરદીઓને આજે રજા અપાઇ છે આમ, હોમ આઇસોલેશનમા ૧૪૧ દરદીઓ ઉપરાંત રાજપીપલાની કોવિડ હોસ્પિટલ ખાતે આજની સ્થિતિએ હવે ૩૨ દરદીઓ, રાજપીપલાની કોવિડ કેર સેન્ટર ખાતે ૩૫ અને પ્રાઈવેટ હોસ્પિટલ ખાતે ૫૪ દરદીઓ સહિત કુલ-૨૬૨ દરદીઓ સારવાર હેઠળ છે.

આજે RTPCR ટેસ્ટમાં ૪૮૯ અને એન્ટીજન (રેપિડ) ટેસ્ટમાં ૧૦૭૦ સહિત કુલ-૧૫૫૯ ટેસ્ટ સેમ્પલ ચકાસણી માટે એકત્ર કરાયેલ છે.

પ્રાપ્ત થયેલ અહેવાલ મુજબ નર્મદા જિલ્લામાં આજે તા.૨૮ મી એપ્રિલ, ૨૦૨૧ ના રોજ આરોગ્ય ટૂકડીઓ દ્વારા કુલ-૪૮,૩૫૭ વ્યક્તિઓનું ડોર-ટુ-ડોર સર્વે કરવામાં આવ્યું છે, જેમાં શરદી-ખાંસીના-૩૮ દરદીઓ, તાવના-૩૬ દરદીઓ, ઝાડાના ૪૧ દરદીઓ સહિત કુલ-૧૧૫ જેટલા દરદીઓ ઉકત ચકાસણી દરમિયાન મળી આવતાં આ દરદીઓને જરૂરી સારવાર પુરી પાડવામાં આવી છે. તેની સાથોસાથ આયુર્વેદિક ઉકાળાનો આજદિન સુધી ૧૦૦૨૪૯૧ લોકોએ લાભ લીધો હતો અને હોમિયોપેથી રક્ષણાત્મક ઉપાય તરીકે આર્સેનિક આલ્બમ-૩૦ પોટેન્સી ગોળી ૯૦૪૭૧૫૦ લોકોને વિતરણ કરાઇ છે.

તસવીર :જ્યોતિ જગતાપ, રાજપીપ

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK